RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 124* Date: 26.04.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# કચ્છના દરિયે મોટું સર્ચ ઓપરેશન, પાકિસ્તાનથી આવતુ ૨૮૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

(એ.આર.એલ),ભુજ,તા.૨૫

ગુજરાતના દરિયા કિનારે ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત છે. ગુજરાત એટીએસ અને ઈન્ડિયન કોસ્ટગાર્ડે મેગા ઓપરશન કરીને ૨૮૦ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યુ છે. પાકિસ્તાનથી આવતી બોટમાંથી ૫૬ કિલો ડ્રગ્ઝ ઝડપાયું છે. જેમાં નાપાક પાકિસ્તાનની સૌથી મોટી પોલ ખુલી છે. પાકિસ્તાનથી આવતા ડ્રગ્સના પેકેટ ઝડપી પાડવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સમુદ્રી સીમા પાસે મોટી કાર્યવાહી કરતા ૨૮૦ કરોડ રૂપિયાની કિંમતનું ૫૬ કિલો ડ્રગ્સ જપ્ત કરાયુ છે. ભારતીય કોસ્ટગાર્ડની મદદથી ગુજરાત એટીએસએ મોટું ઓપરેશન પાર પાડ્યુ છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, કરાંચીથી અલહજ નામની બોટ આવતી હતી, જેની તપાસ કરવામાં આવતા ડ્રગ્સના જથ્થા સાથે ૯ આરોપીની ધરપકડ કરાઈ છે. બોટમાં હેરોઈન હોવાની માહિતી મળી હતી. આંતરરાષ્ટ્રીય જળ સીમા કચ્છ પાસેથી ફરી ડ્રગ્સ જપ્ત કરાતા પોલીસ તંત્ર સાબદુ થઈ ગયુ છે. યુવાનોને બરબાદ કરવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, ગુજરાત એટીએસ પાસે ચોક્કસ માહિતી હતી કે, પાકિસ્તાનના કરાંચીથી અલહજ નામની બોટ નીકળી છે. જેમાં મોટા પ્રમાણમાં હેરોઈનનો જથ્થો છે. જે બાદ આ માહિતી કોસ્ટ ગાર્ડને પણ આપવામાં આવી. જેથી એટીએસ અને કોસ્ટગાર્ડની ટીમ જણાવેલ સ્થળ પર ગઈકાલ રાતથી પેટ્રોલિંગમાં હતી.આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ બોટે પાકિસ્તાન વિસ્તારમાં જવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો. જે કારણે કોસ્ટગાર્ડની ટીમે ફાયરિંગ પણ કરવું પડ્યુ હતુ. જે બાદ બોટનો પીછો કરીને તેને ઝડપી પાડવામાં આવી હતી. આ બોટમાં ૯ પાકિસ્તાનીને પણ ઝડપી પાડવામાં આવ્યુ છે. હાલ આ લોકો કયા દેશના છે તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

અટારી બોર્ડર પરથી પણ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યુ છે. કસ્ટમ અધિકારીઓએ અટારી ખાતેની ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ પરથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૭૦૦ કરોડની કિંમતનું ૧૦૨ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. જે દિલ્હી સ્થિત એક આયાતકાર દ્વારા અફઘાનિસ્તાનથી આયાત કરાયેલ મુલેઠી (લીકોરીસ)ના કન્સાઈનમેન્ટ સાથે પેક કરવામાં આવ્યું હતું. કસ્ટમ વિભાગના જણાવ્યા અનુસાર, દવાઓના કન્સાઈનમેન્ટના એક્સ-રે સ્કેનિંગ બાદ ડ્રગ્સની દાણચોરીની જાણ થઈ હતી. લાકડાના લોગના કન્સાઈનમેન્ટમાં કેટલાક અનિયમિત ધબ્બાઓ દેખાંતા શંકા થઇ જે પછી, કસ્ટમ કર્મચારીઓએ બેગ ખોલી અને જોયું કે કેટલીક થેલીઓમાં નાના નળાકાર લાકડાના લોગ હતા. કસ્ટમ વિભાગનું કહેવું છે કે, લાકડાનાં લોગનું કૂલ વજન ૪૭૫ કિલોગ્રામ હતું. જેમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આશરે ૭૦૦ કરોડ રૂપિયનાં મુલ્યનું ૧૦૨ કિલોગ્રામ હેરોઈન મળી આવ્યું છે.થોડા દિવસ પહેલા પણ ભારતમાં ડ્રગ્સ ઘુસાડવા માટે વધુ એકવાર ગુજરાતના દરિયાકાંઠાનો ઉપયોગ થયો હતો. ગુજરાત છ્જી અને ઙ્ઢૈંએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી કંડલામાંથી અંદાજે ૧૪૩૯ કરોડ રૂપિયાના હેરોઈનનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ જથ્થો અફઘાનિસ્તાનથી આવ્યો હોવાની આશંકા હતી. કંડલાના કન્ટેનર ફ્રેઈટ સ્ટેશનમાંથી ઝડપાયેલું કન્ટેનર અફઘાનિસ્તાનથી આવ્યું હોવાની શક્યતા છે. આ ઝડપાયેલું ડ્રગ્સ એકદમ પ્યોર ફોર્મમાં હતુ. જેને પાવડરની આડમાં લાવવામાં આવી રહ્યુ હતુ.

## આ પહેલીવાર નથી કે ગુજરાતમાં ડ્રગ્સ પકડાયુ હોય

આ પહેલીવાર નથી કે ગુજરાતમાં ડ્રગ્સ પકડાયુ છે. આ સિવાય કચ્છના દરિયે તથા ગુજરાતના અનેક શહેરોમાં નશાનો કાળો કારોબાર ચાલી રહ્યો છે. ગુજરાતમાં મોટાપાયે ડ્રગ્સ ઘૂસાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ત્યારે જોઈએ કે આ પહેલા ક્યારે કેટલુ ડ્રગ્સ પકડાયુ છે.

૨૫ એપ્રિલ ૨૦૨૨, ૨૮૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

૨૩ એપ્રિલ ૨૦૨૨, વડોદરામાંથી ૭ લાખથી વધુનું ડ્રગ્સ ઝડપાયું

૨૧ એપ્રિલ ૨૦૨૨, કંડલા પોર્ટ પરથી ૨૫૦ કિલો ડ્રગ્સ ઝડપાયું

૩ માર્ચ ૨૦૨૨, અમદાવાદ એરપોર્ટ પરથી ૬૦ કરોડની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું

૧૩ ફેબ્રુઆરી ૨૦૨૨, અરબી સમુદ્રમાંથી ૮૦૦ કિલો ડ્રગ્સ ઝડપાયું

૧૫ નવેમ્બર ૨૦૨૧, મોરબીમાંથી ૬૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

૧૦ નવેમ્બર ૨૦૨૧, દ્વારકામાંથી ૬૫ કિલોનું ડ્રગ્સ ઝડપાયું

૧૦ નવેમ્બર ૨૦૨૧, સુરતમાંથી ૫.૮૫ લાખનું ડ્રગ્સ ઝડપાયું

૨૪ ઓક્ટોબર ૨૦૨૧, અમદાવાદમાંથી ૨૫ લાખનું ડ્રગ્સ ઝડપાયું

૧૨ ઓક્ટોબર ૨૦૨૧, બનાસકાંઠામાંથી ૧૧૭ ગ્રામ ડ્રગ્સ ઝડપાયું

૧૦ ઓક્ટોબર ૨૦૨૧, સાબરકાંઠાથી ૩૮૪ ગ્રામ સ્ઢ ડ્રગ્સ ઝડપાયું

૨૭ સપ્ટેબર ૨૦૨૧, બનાસકાંઠાથી ૨૬ લાખનું ડ્રગ્સ ઝડપાયું

૨૪ સપ્ટેબર ૨૦૨૧, સુરતથી ૧૦ લાખ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું

૨૩ સપ્ટેબર ૨૦૨૧, પોરબંદરના દરિયામાંથી ૧૫૦ કરોડનું ડ્રગ્સ જપ્ત

૧૬ સપ્ટેમ્બર ૨૦૨૧, કચ્છના મુંદ્રા પોર્ટ પરથી ૩ હજાર કરોડનું ડ્રગ્સ જપ્ત

# ઈમેન્યુઅલ મેક્રોન બીજી વખત ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાતા, વડાપ્રધાન મોદી સહિતના દિગ્ગજોએ શુભેચ્છા પાઠવી



નવીદિલ્હી,તા.૨૫

ફ્રાન્સમાં રાષ્ટ્રપતિની ચૂંટણી ૪૪ વર્ષીય ઈમેન્યુઅલ મેક્રોને ચૂંટણી જીતીને ઈતિહાસ રચ્યો છે. ત્યારથી વિશ્વના નેતાઓ તેમને અભિનંદન આપી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને મેક્રોનને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું, ×મારા મિત્ર ઈમેન્યુઅલ મેક્રોનને ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટવા બદલ અભિનંદન. તેમણે ઉમેર્યું, 'હું ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે સાથે મળીને કામ કરવા માટે આતુર છું.'

બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જોન્સને ટ્વીટ કરીને મેક્રોનને અંગ્રેજી અને ફ્રેન્ચમાં અભિનંદન પાઠવ્યા હતા. જોન્સને ટ્વીટ કરીને લખ્યું કે, 'ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે તમારી પુનઃવરણી બદલ અભિનંદન. ફ્રાન્સ આપણા સૌથી નજીકના અને સૌથી મહત્વપૂર્ણ સહયોગીઓમાંનું એક છે. હું એવા મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખવા માટે આતુર છું જે આપણા દેશો અને વિશ્વ બંને માટે સૌથી મહત્વપૂર્ણ છે.

યુએસ પ્રમુખ જો બાઈડને ઈમેન્યુઅલ મેક્રોનને તેમની પુનઃ જીત પર અભિનંદન પાઠવ્યા છે અને કહ્યું છે કે, 'હું અમારા સતત નજીકના સહયોગની રાહ જોઈ રહ્યો છું, જેમાં યુક્રેનને સમર્થન, લોકશાહીનું રક્ષણ અને ક્લાઈમેટ ચેન્જ સામે લડવાનો સમાવેશ થાય છે.' યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ પણ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ઝેલેન્સકીએ રવિવારે મેક્રોનને યુક્રેનના સાચા મિત્ર ગણાવ્યા અને તેમના સમર્થનની પ્રશંસા કરી. ફ્રેંચમાં ટ્વીટ કરીને ઝેલેન્સકીએ કહ્યું, 'મને વિશ્વાસ છે કે અમે સંયુક્ત જીત તરફ સાથે મળીને આગળ વધીશું.'

# દેશમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨૫૪૧ કેસ,૩૦ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૨૫

ભારતમાં કોવિડ-૧૯ના કેસોમાં ૨ ટકાનો ઘટાડો થયો છે, છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૪૧ નવા કેસ નોંધાયા છે. જયારે આ સમયગાળા દરમિયાન આ વાયરસને કારણે ૩૦ લોકોના મોત થયા છે. ભારતમાં કોરોનાના કારણે કુલ ૫૨૨,૨૨૩ લોકોના મોત થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા વધીને ૧૬,૫૨૨ થઈ ગઈ છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં ૧,૮૬૨ લોકોએ કોરોનાને માત આપી છે અને અત્યાર સુધીમાં દેશમાં કુલ ૪૨,૫૨૧,૩૪૧ લોકો કોરોનાથી સાજા થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૩,૬૪,૨૧૦ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૮૭,૭૧,૯૫,૭૮૧ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે.નોંધનીય છે કે ઉત્તર પ્રદેશ રાજ્ય કોરોના રસી લાગુ કરવામાં સૌથી આગળ છે. યુપી એકમાત્ર રાજ્ય છે જેણે ૩૧ કરોડથી વધુ રસીના ડોઝ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે રાજધાની દિલ્હીમાં થોડા દિવસોથી કોરોનાના કેસોમાં તેજી જોવા મળી રહી છે અને સતત ત્રીજા દિવસે ૧ હજારથી વધુ કોરોનાના કેસ નોંધાયા છે, દિલ્હીમાં સક્રિય કોરોના દર્દીઓની સંખ્યા ૪ હજારની નજીક પહોંચી ગઈ છે. છેલ્લા અઢી મહિનામાં દિલ્હી સૌથી વધુ સક્રિય કોરોના દર્દીઓ બની ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૦૮૩ નવા કેસ સામે આવ્યા છે. રવિવારે કોરોના ચેપનો દર ૪.૪૮ ટકા રહ્યો છે. ૨૪ કલાકમાં ૧ દર્દીનું મોત થયુંછે. ૧૨ ફેબ્રુઆરીથી સૌથી વધુસક્રિય કોરોના દર્દીઓ બની ગયા છે. ૧૨ ફેબ્રુઆરીએ સક્રિય દર્દીઓની સંખ્યા એટલે કે સક્રિય કેસ ૪૩૩૧ હતા.

# રાજદની અમિત શાહ પર ટીપ્પણી જેમણે કયારેય તિરંગો પડકયો નથી તેમને અમૃત મહોત્સવ મનાવતા જોઈ સારૂ લાગ્યું : શિવાનંદ તિવારી

## ૧૬-૧૭ વર્ષોથી બિહારનું શાસન ભાજપના હાથમાં છે આમ છતાં લાલુ પ્રસાદ યાદવનું નામ લઈ શાહ લોકોને ડરાવી રહ્યાં છે જે સાંભળીને હસુ આવે છે

પટણા,તા.૨૫

રાષ્ટ્રીય જનતાદળ (રાજદ)ના વરિષ્ઠ નેતા શિવાનંદ તિવારીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ માટે મોટી વાત કહેવામાં આવી છે ભાજપ દ્વારા કુંવરસિંહની સંઘર્ષ ભૂમિ જગદીશપુરમાં એક સાથે ૭૫ હજાર તિરંગા લહેરાવવાનો વિક્રમ સર્જાયો હતો તો બીજી તરફ શિવાનંદ તિવારીએ ટીપ્પણી વાળા અંદાજમાં એવી રાજકીય વાત કહી દીધી કે ત્યારબાદ રાજકીય સંગ્રામ થવાનું લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે.



શિવાનંદ તિવારીએ અમિત શાહના ભોજપુર આગમન પર કહ્યું કે અમિત શાહની રેલી ખુબ મોંઘી હતી સંભવત બિહારની અત્યાર સુધીની સૌથી મોંઘી રહેલી હતી જે લોકોએ આઝાદીની લડાઈમાં કયારેય તિરંગો પકડયો નથી આજે તેમના હાથમાં તિરંગો લઈ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવતા જોઈ સારૂ લાગે છે.

તિવારીએ ટીપ્પણીભર્યા અંદાજમાં રાજદની બોચહાં પેટાચુંટણીમાં થયેલી જીતની પણ ચર્ચા કરી તેમણે કહ્યું કે ૧૬-૧૭ વર્ષોથી બિહારનું શાસન ભાજપના હાથમાં છે આમ છતાં અમિત શાહ રાજદના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવનું નામ લઈ લોકોને ડરાવી રહ્યાં છે જે સાંભળીને હસુ આવે છે તિવારીએ કહ્યું કે ગત વિધાનસભા ચુંટણીમાં રાજદ ગઠબંધનની સરકાર બનતા બનતા રહી ગઈ હતી હાલ વિધાન પરિષદની ચુંટણીમાં અમારી સફળતા અને ત્યારબાદ બોચહાંની અમારી ભારે જીતથી અમિત શાહ સશંકિત થઈ ગયા છે.તેમણે અમિત શાહના સંબોધનનો હવાલો આપતા કહ્યું કે અમિત શાહ દ્વારા લાલુ પ્રસાદનું નામ લેવાથી જ સ્પષ્ટ થઈ ગયું છે કે તેમને રાજદથી હવે બિમારમાં રાજકીય ડર લાગી રહ્યો છે તિવારીએ કહ્યું કે અમિત શાહે ખુબ ચતુરાઈ બતાવી અને તેજસ્વીનું નામ લીધુ નહીં જયારે રાજદનું સુકાન તો લાલુએ તેજસ્વીના હાથમાં સોંપી દીધુ છે.ગત વિધાનસભા ચુંટણી સહિત અત્યાર સુધીની તમામ ચુંટણી રાજદે તેજસ્વી યાદવના જ નેતૃત્વમાં લડી છે તેમણે કહ્યું કે રાજદને સંતોષ છે કે અમિત શાહે લાલુનું નામ લઈ બિહારમાં અમારી શક્તિ અને પડકારને કબુલ કર્યો છે.

# પંજાબઃ અટારી બોર્ડર પર ૧૦૨ કિલો હેરોઈન જપ્ત, આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ. ૭૦૦ કરોડ

ચંદીગઢ,તા.૨૫

ચંદીગઢ કસ્ટમ અધિકારીઓએ અટારી ખાતેની ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ પરથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૭૦૦ કરોડની કિંમતનું ૧૦૨ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. જે દિલ્હી સ્થિત એક આયાતકાર દ્વારા અફઘાનિસ્તાનથી આયાત કરાયેલ મુલેઠી (લીકોરીસ)ના કન્સાઈનમેન્ટ સાથે પેક કરવામાં આવ્યું હતું.

કસ્ટમ વિભાગના જણાવ્યા અનુસાર, દવાઓના કન્સાઈનમેન્ટના એક્સ-રે સ્કેનિંગ બાદ ડ્રગ્સની દાણચોરીની જાણ થઈ હતી. લાકડાના લોગના કન્સાઈનમેન્ટમાં કેટલાક અનિયમિત ધબ્બાઓ દેખાંતા શંકા થઈ જે પછી, કસ્ટમ કર્મચારીઓએ બેગ ખોલી અને જોયું કે કેટલીક થેલીઓમાં નાના નળાકાર લાકડાના લોગ હતા જે મુલેઠી ન હતા.

કસ્ટમ વિભાગનું કહેવું છે કે, લાકડાનાં લોગનું કૂલ વજન ૪૭૫ કિલોગ્રામ હતું. જેમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આશરે ૭૦૦ કરોડ રૂપિયનાં મુલ્યનું ૧૦૨ કિલોગ્રામ હેરોઈન મળી આવ્યું છે. હેરોઈનની આ ખેપ અફઘાનિસ્તાનથી પાકિસ્તાનનાં રસ્તે ભારતમાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પંજાબમાં માન સરકારે નશા પર રોક લગાવવાં મોટું અભિયાન શરૂ કર્યું છે. તેમ છતા અવાર નવાર ઘણાં યુવકોનું નશાનાં ઓવરડોઝથી મોત થઈ રહ્યું છે.

વિશેષ રૂપથી ભારત આઈસીપી અટારીમાં અફઘાનિસ્તાનથી સુકો મેવો, તાજા ફળ અને જડીબુટ્ટીઓ આવે છે. આ પહેલાં જૂન ૨૦૧૯માં કસ્ટમ વિભાગનાં અધિકારીઓએ અફઘાનિસ્તાનથી આવતાં સામાન માંથી અટારીથી ભારતમાં સૌથી મોટી ડ્રગ્સની દાણચોરી પકડી હતી. જેમાં ૫૩૨.૬ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું.ઉલ્લેખનીય છે કે, ભારત આઈસીપી અટારી ખાતે અફઘાનિસ્તાનથી ડ્રાય ફ્રૂટ્સ, તાજા ફળો અને જડીબુટ્ટીઓની આયાત કરે છે. અગાઉ જૂન ૨૦૧૯ માં, કસ્ટમ્સ અધિકારીઓએ અફઘાનિસ્તાનથી આયાતમાંથી આઈસીપી અટારી પાસેથી ભારતમાં સૌથી મોટી જપ્તીમાં ૫૩૨.૬ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે દિલ્હી સ્થિત એક આયાતકારે અફઘાનિસ્તાન સ્થિત વેપારી એ નઝીર કંપની મઝાર-એ-શરીફ પાસેથી કુલ ૩૪૦ બેગ દારૂની આયાત કરી હતી, જેને કૈબર સ્થિત લોજિસ્ટિક્સ અને ફ્રેટ ટ્રાન્સપોર્ટ કંપની દ્વારા આઈસીપી અટારીમાં લાવવામાં આવી હતી.

# કર્ણાટકમાં હિજાબ બાદ શાળામાં બાઈબલ પર વિવાદ

બેંગ્લુરૂ,તા.૨૫

દેશમાં કર્ણાટક એવો રાજ્ય બની ગયો છે, વિવાદની શરૂઆત આ રાજયમાંથી થાય છે,હિજાબ વિવાદ બાદ હવે બાઈબલ વિવાદનો મધપૂડો છેડાઈ ગયો છે.કર્ણાટકમાં હિજાબ બાદ હવે બાઈબલનો વિવાદ શરૂ થયો છે. બેંગ્લોરની એક શાળાએ માતા-પિતાને પૂછ્યું છે કે જો બાળકો શાળામાં બાઈબલ લાવે તો તેમને કોઈ વાંધો નથી, આ મામલે માતા-પિતાનો અભિપ્રાય ગમે તે હોય પરતું દક્ષિણપંથી હિન્દુવાદી સંગઠને આનો સખત વિરોધ કર્યો છે.

બેંગ્લોરની ખાનગી 'ક્લિયરન્સ હાઈસ્કૂલ'એ બાળકોના વાલીઓને પત્ર લખ્યો છે કે જો બાળકો પવિત્ર ધર્મગ્રંથ બાઈબલ લઈને ક્લાસમાં આવે તો તેમને કોઈ વાંધો નથી. હિન્દુ જનજાગરણ સમિતિએ શાળાના આ પગલાનો સખત વિરોધ કર્યો છે. સંસ્થાના પ્રવક્તા મોહન ગૌડા કહે છે કે આ રીતે શાળા બિન-હિન્દુ વિદ્યાર્થીઓને ખ્રિસ્તી સમુદાયના સર્વોચ્ચ ધર્મગ્રંથ વાંચવા માટે દબાણ કરી રહી છે.

બીજી તરફ, સ્કૂલ મેનેજમેન્ટે પોતાના પગલાનો બચાવ કર્યો છે. તે કહે છે કે શાળા બાઈબલનું શિક્ષણ આપે છે. ઉપરોક્ત શાળામાં ધોરણ ૧૧માં પ્રવેશના ફોર્મમાં, વાલીઓને એક ઘોષણાપત્ર પર સહી કરવાનું કહેવામાં આવ્યું છે. તેમાં લખવામાં આવ્યું છે કે 'તમારું બાળક તેના પોતાના નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન માટે સવારની પ્રાર્થના સભા અને ક્લબ સહિત તમામ વર્ગોમાં હાજરી આપશે અને તમને તેની પાસે બાઈબલ અને ગીતશાસ્ત્રનું પુસ્તક રાખવામાં કોઈ વાંધો નથી.' તેની સામે વાંધો ઉઠાવતા હિન્દુત્વવાદી સંગઠને કહ્યું છે કે આ શાળામાં બિનઈસાઈ બાળકો પણ અભ્યાસ કરે છે. તેઓને શાળા દ્વારા બાઈબલ વાંચવાની ફરજ પાડવામાં આવી રહી છે.

# વિશ્વના ટોપ-૫ ધનિકોની યાદીમાં ગૌતમ અદાણીની એન્ટ્રી,વોરેન બફેટને પાછળ છોડીને સ્થાન મેળવ્યુ

મુંબઈ,તા.૨૫

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી હવે નેટવર્થની દષ્ટિએ વિશ્વના અબજોપતિઓની યાદીમાં ૫માં સ્થાને પહોંચી ગયા છે. તેણે ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટને હરાવીને આ સ્થાન હાંસલ કર્યું છે.

ફોર્બ્સના રિયલ ટાઈમ બિલિયોનેર્સ ઈન્ડેક્સના તાજેતરના રેકિંગ અનુસાર, અદાણી ઈ૧૨૩.૨ બિલિયનની નેટવર્થ સાથે ૫મા ક્રમે છે અને વોરેન બફેટ ઈ૧૨૧.૭ બિલિયન સાથે છઠ્ઠા ક્રમે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ઈ૧૦૪.૨ બિલિયનની નેટવર્થ સાથે ૯માથી ૮મા સ્થાને આવી ગયા છે.

## તંત્રી સ્થાનેથી...

# શિક્ષણમાં નૈતિક મૂલ્યોની સાથે ઊંડાણતા અને વિશાળતા જરૂરી

*શિક્ષણમાં કોઈ પણ સુધારો ચમત્કારથી નથી થવાનો અથવા તો નવા કોઈ અભિગમો પણ અસરકારક પાયાનું પરિવર્તન નથી લાવી શકવાના. કેમ કે કોઈ પણ અભિગમ અથવા તો બદલાવ એને હકારાત્મક રીતે સ્વીકાર કરનાર કે અમલકર્તા પર નિર્ભર રહે છે. શિક્ષણમાં એક માત્ર સુધારો એટલે નૈતિક મૂલ્યો શિક્ષણ સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓએ એક વખત પોતાની જાતને બિલકુલ છેતર્યા વિના ફરજ પાલનનું ચિંતન / આત્મમંથન કરી જુએ તો બે જ વર્ષમાં શિક્ષણનું પરિણામ ઊંચે જતું જોવા મળશે.*

*નૈતિકમૂલ્યો એ કોઈ ભાષણમાંથી કે બજારમાંથી ગ્રહણ કરવાનો વિષય નથી.એ તો માત્ર પોતાની જાતને છેતર્યા વિના પૂછવા જેવો પ્રશ્ન છે. શિક્ષણ સાથે જોડાયેલ વ્યક્તિઓમાં નૈતિકમૂલ્યોની સાથે બે સત્વ ખાસ જરૂરી છે. એક ઊંડાણતા અને બીજું વિશાળતા. ઊંડાણતા ના હોય અને વિસ્તાર થાય તો વૃક્ષ ઉથલી પડે છે અને એકલું ઊંડાણ થાય અને વિસ્તાર ના થાય તો વૃક્ષ પર ફળ બેસતા નથી. જ્યાં હૃદય જોડવાનો વિષય હોય ત્યાં સાધનો એટલા ઉપકારક નથી નિવડતા. ખોટ છે હૃદયવાળા માણસોની. આજે દેખાદેખીમાં આપણે નૈતિકમૂલ્યોને ક્યાંય નેવે મૂકી દીધા હોય એવું લાગે છે. નૈતિકમૂલ્યો જ પાયાનો મુદ્દો છે બાકી બીજા બધા મુદ્દા ગૌણ છે. એક સામાન્ય વ્યક્તિ પણ વિચાર દોડાવી શકે એમ છે કે ટેકનોલોજી તેમજ ભૌતિક ક્ષેત્રે છેલ્લા ૧૫ વર્ષ કરતા અત્યારે વધારે પ્રગતિ તેમજ સગવડો મળી રહી છે તેમ છતાં શિક્ષણ ચિંતાનો વિષય કેમ બનતો જાય છે.શિક્ષણ એ માત્ર સાધનોનો વિષય નથી, સાધના પણ એટલી જ જરૂરી છે. સ્વાભાવિક છે માણસ જ્યારે ચિંતન કરવાનું છોડી દે ત્યારે ચિંતા કરવાનો વારો આવે છે અને ચિંતામાં આવી લીધેલા નિર્ણયો પુનઃ વિચાર કરવા મજબુર કરે છે. આપણે ફાઈલોમાંથી બહાર નીકળી બાળકોની સ્માઈલ પર ધ્યાન આપીશું તો દરેક શાળા ફાઈન થઈ જશે.એમાં કોઈ સંદેહ નથી.*

*ભારત સરકારના બજેટ ૨૦૨૨-૨૩માં શિક્ષણ ક્ષેત્ર માટે વ્યાપક જોગવાઈઓ કરવામાં આવી છે. શિક્ષણમાં ડિજીટાઈઝશનની શરૂઆત થશે. ×વન ક્લાસ-વન લેંગ્વેજ-વન ચેનલ× ધોરણ એકથી બાર માટે શરુ કરવામાં આવશે. શાળાઓમાં ડિજિટલ ટુલ્સ દાખલ કરવામાં આવશે. ડિજિટલ યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવશે અને આમાં દરેક ભાષામાં અભ્યાસક્રમ પ્રાપ્ત કરાવવામાં આવશે. દરેક પ્રકારના કોર્સ શરુ કરવામાં આવશે. આંગણવાડીઓને પણ અપગ્રેડ કરવાની જોગવાઈ બજેટમાં છે. મિશન વાત્સલ્ય અને મિશન પોષણ અંતર્ગત બે લાખથી વધારે આંગણવાડીઓને બધી રીતે અપગ્રેડ કરવામાં આવશે. આ બજેટ ×શિક્ષણથી સ્કિલ, સ્કિલથી સ્ટાર્ટ-અપ અને સ્ટાર્ટ-અપથી સર્વસમાવેશી વિકાસ× તરફ સફર શરુ થશે એવું દેખાઈ રહ્યું છે. નોલેજ બેઝ્ડ અર્થતંત્ર તરફ પગરવ માંડવાની આ સારી શરૂઆત હશે.*

### સોનાના મિની ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સને પ્રારંભના દિવસે બહોળો પ્રતિસાદ પ્રાપ્ત

# સોનું અને સોનું-મિની ઓપ્શન્સમાં કુલ રૂ.૫૫૬ કરોડનાં ૧,૦૬૨ કિલોનાં કામકાજઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૨૮ અને ચાંદીમાં રૂ.૧,૫૭૫નો કડાકો

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૦,૬૮૦ સોદાઓમાં કુલ રૂ.૧૬,૭૬૭.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૧૯૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૨૫ એપ્રિલ (આજથી) નવા શરૂ થયેલા સોનાના મિની ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સને સહભાગીઓનો બહોળો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. આ લખાઈ રહ્યું છે ત્યારે લગભગ પોણા સાત વાગ્યે સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૬.૦૨ કરોડની કીમતનાં ૮૭૨ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨૮૪ લોટ્સના સ્તરે નોંધાયો હતો, આ જોતાં એમ લાગે છે કે ટ્રેડરોએ સોનાના મિની ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સને કામકાજના પ્રથમ દિવસે સારું વોલ્યુમ કરીને વધાવી લીધો હતો. સાંજે પાંચ વાગ્યા સુધીમાં કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૩૮૫૪૦ સોદાઓમાં રૂ.૪,૨૪૭.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું અને સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫૬.૨૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૪.૬૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૧૦૧.૨૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨૩.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૩૭.૫૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૧ ખૂલી, ઊપરમાં રૂ.૮૧૫.૫૦ અને નીચામાં રૂ.૬૮૦ રહી, અંતે રૂ.૨૧૬.૫૦ ઘટી રૂ.૬૯૮ થયો હતો. જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૬૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૫૦૦ અને નીચામાં રૂ.૧,૨૭૫.૫૦ રહી, અંતે રૂ.૧૯૯.૫૦ ઘટી રૂ.૧,૨૯૭.૫૦ થયો હતો. સોનું મે રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૫ અને નીચામાં રૂ.૩૪૦.૫૦ રહી, અંતે રૂ.૧૩૨.૫૦ ઘટી રૂ.૩૫૪ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૩.૫૦ અને નીચામાં રૂ.૧૨૦ રહી, અંતે રૂ.૩૦૦ વધી રૂ.૯૧૯.૫૦ થયો હતો. જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧,૫૯૬ અને નીચામાં રૂ.૧,૩૩૦.૫૦ રહી, અંતે રૂ.૪૦૩.૫૦ વધી રૂ.૧,૪૫૧ થયો હતો. સોનું મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૮ અને નીચામાં રૂ.૨૭૯ રહી, અંતે રૂ.૧૫૩ વધી રૂ.૪૦૦.૫૦ થયો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૦૧,૦૭૧ સોદાઓમાં કુલ રૂ.૫,૯૮૯.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૦૩૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૧૧૫ અને નીચામાં રૂ.૫૧,૬૮૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૨૮ ઘટી રૂ.૫૧,૭૩૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૮ ઘટી રૂ.૪૧,૩૫૯ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૭ ઘટી રૂ.૫,૧૪૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૧૨૫ના ભાવે ખૂલી, રૂ.૪૮૪ ઘટી રૂ.૫૧,૭૬૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૬,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૬,૦૪૦ અને નીચામાં રૂ.૬૪,૮૫૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૫૭૫ ઘટી રૂ.૬૪,૯૭૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૧૪૬૩ ઘટી રૂ.૬૫,૨૫૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૧૨ ઘટી રૂ.૬૫,૨૦૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૩,૭૦૪ સોદાઓમાં કુલ રૂ.૩,૬૪૮.૨૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૭૨૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૭૨૨ અને નીચામાં રૂ.૭,૪૪૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૮૮ ઘટી રૂ.૭,૫૩૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૮૦ ઘટી રૂ.૪૯૬.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૬૪૨ સોદાઓમાં રૂ.૨૩૩.૧૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૪,૧૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૪,૧૯૦ અને નીચામાં રૂ.૪૩,૮૯૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૯૦ ઘટી રૂ.૪૩,૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૩૦૧ના ભાવે ખૂલી, રૂ.૫૧૬ ઘટી રૂ.૧૬૩૬૭ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૬.૮૦ ઘટી રૂ.૧૦૫૪.૨૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૯૬૩ સોદાઓમાં રૂ.૨,૬૮૨.૭૧ કરોડનાં ૫,૧૬૮.૩૭૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૮૩,૧૦૮ સોદાઓમાં કુલ રૂ.૩,૩૦૬.૭૦ કરોડનાં ૫૦૧.૦૮૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧,૮૦૧ સોદાઓમાં રૂ.૧,૮૬૧.૫૦ કરોડનાં ૨૪,૬૮,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧,૯૦૩ સોદાઓમાં રૂ.૧,૭૮૭ કરોડનાં ૩૫૬૭૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૧૪૩ સોદાઓમાં રૂ.૨૧૧.૬૯ કરોડનાં ૪૮૨૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૪૯૨ સોદાઓમાં રૂ.૨૧.૨૯ કરોડનાં ૧૯૬.૫૬ ટન, રબરના વાયદાઓમાં ૭ સોદાઓમાં રૂ.૦.૧૩ કરોડનાં ૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૮૪૦.૩૭૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૪૯.૮૯૩ ટન, ક્રૂડ તેલમાં ૪૫૪૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૪૮૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૨૦૩૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૧૮.૪ ટન, રબરમાં ૪૨ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૧૦૭૩ સોદાઓમાં રૂ.૮૫.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૧,૦૭૨ સોદાઓમાં રૂ.૮૫.૧૯ કરોડનાં ૧,૧૩૮ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૧ સોદાઓમાં રૂ.૦.૧૧ કરોડનાં ૧ લોટના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૮૪૬ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૧ લોટના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ મે વાયદો ૮,૭૪૮ના સ્તરે ખૂલી, ઊપરમાં ૮,૭૪૮ અને નીચામાં ૮,૭૪૮ના સ્તરને સ્પર્શી, કોઈ ફેરફાર વગર ૮,૭૪૮ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૫,૦૮૦ના સ્તરે ખૂલી, ૧૯૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૦૮ પોઈન્ટ ઘટી ૧૪,૯૦૭ના સ્તરે પહોંચ્યો હતો.

# નીતીશકુમાર સરકારી બંગલો બદલી ફરી ચર્ચામાં આવ્યા

પટણા,તા.૨૫

બિહારમાં હાલના દિવસોમાં મુખ્યમંત્રી નીતીશકુમાર સતત રાજકીય ચર્ચામાં છે કયારેક રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવાની ચર્ચા તોજ થઇ જાય છે તો સોશલ મીડિયા પર તેમનો આગામી ઉપરાષ્ટ્રપતિ બતાવવામાં આવી રહ્યાં છે કયારેક તેમનો રાજયસભામાં મોકલવાની પણ ચર્ચા કરવામાં આવે છે.આમ તો રાષ્ટ્રીય જનતાદળની ઈફતાર પાર્ટીમાં સામેલ થયા બાદ ચર્ચામાં આવેલ નીતીશકુમાર હવે પોતાના સરકારી બંગલો બદલવાને લઇ ચર્ચામાં આવ્યા છે.

હવે નીતીશકુમાર જે બંગલામાં જઇ રહ્યાં છે ત્યાં પહેલા પણ તો રહી ચુકયા છે.મુખ્યમંત્રી એક અણે માર્ગ છોડી રાત સર્કુલર રોડ ખાતેના બંગલામાં શિફટ થાય તેવી વાત સામે આવી છે .

મુખ્યમંત્રીના રહેવા માટે બંગલાને પુરી રીતે તૈયાર કરી દેવામાં આવ્યું છે. ખુબ સમય પહેલા જ બંગલામાં કામ શરૂ કરવામાં આવ્યું હતું મુખ્યમંત્રીના બંગલાનો બદલવાને લઇ જદયુના વિધાન પાર્ષદ લલન સર્રાફે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નીતીશકુમાર સાત સર્કુલર રોડ ખાતેના બંગલામાં જશે તેમણે કહ્યું કે મુખ્યમંત્રીની સાથે રહેનાર પરિવારના કેટલાક સભ્યો અને બાકી કર્મચારીઓ પણ તેમની સાથે શિફટ થઇ જશે

નીતીશકુમાર મુખ્યમંત્રીની ખુરશી સંભાળ્યાના કેટલાક દિવસ સુધી આ બંગલામાં રહ્યાં હતાં મુખ્યમંત્રી દ્વારા આ બંગલાને છોડયા બાદ તેને મુખ્ય સચિવના નામે એલોર્ટ કરવામાં આવ્યો હતો ૨૦૨૧થી જ એ ચર્ચા તોજ હતી કે મુખ્યમંત્રી નીતીશકુમાર મુખ્યમંત્રી આવાસ છોડી આ બંગલામાં રહેશે

### ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની ચુંટણીને લઈ સર્વે

# વિપક્ષમાં મજબુત નેતા ન હોવાથી ભાજપનો વિજય નિશ્ચિત, આપનો ઉદય, કોંગ્રેસનો અસ્ત....!!

## ૬૫% લોકો માને છે કે નરેશ પટેલના રાજકારણમાં પ્રવેશથી ગુજરાતમાં બદલાવ આવશે,શંકરસિંહ વાઘેલા આ ચૂંટણીમાં સક્રિય પરિબળ બની રહેશે

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ આ વર્ષના અંતમાં યોજાનાર છે હાલમાં ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ વિધાનસભાની ચુંટણીઓને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે થર્ડ આઈ અને એઆર લાઈવ દ્વારા એક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યો હતો. તેમાં અમે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી વિવિધ મુદ્દાઓ પર લોક અભિપ્રાય અને સવાલને આવરી લીધા છે. આ સર્વેક્ષણ તા. ૧ એપ્રિલથી ૧૦મી એપ્રિલ, ૨૦૨૨ના ગાળા દરમિયાન કરવામાં આવ્યો છે. અમારા ગ્રાઉન્ડ લેવલના અહેવાલને આધારે આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી ભાજપાને નુકસાન પહોંચાડશે હાલના સર્વે મુજબ આપ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીઓમાં બીજા નંબરની પાર્ટી બનીને ઉભરી આવશે અને તે ૬૫થી ૭૦ ટકા કરતાં વધુ બેઠકોમાં બીજા નંબરે જ્યારે કોંગ્રેસ અનેક બેઠકો પર સંકોચાઈને ત્રીજો ક્રમ હાંસલ કરશે, ભાજપા સરળતાપૂર્વક બહુમતીનો આંકડો પાર કરશે.અમે જનતાની અગ્રતાઓ અને અપેક્ષાઓ તેમજ વર્તમાન સરકારના સ્થાનિક નેતાઓ સંદર્ભે અભ્યાસ હાથ ધરવા માટે ૧,૦૦,૦૦૦ લોકોનું સર્વેક્ષણ યોજ્યું હતું.

૨૦૧૭ પછી આજે પણ કોંગ્રેસ રાજ્યના ગ્રામીણ અને મુસલમાનના પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં કોંગ્રેસ સારૂં પ્રદર્શન કરી રહ્યું છે. પરંતુ શહેરી વિસ્તારમાં કોંગ્રેસનું પ્રદર્શન ખૂબ ખરાબ જણાઈ રહ્યું છે.

વર્ષ ૨૦૨૦થી અત્યાર સુધીના અંકશાસ્ત્રીય પૃથ્થકરણ અહેવાલ અનુસાર નવા મતદારોમાંથી ફક્ત ૩ ટકા લોકો કોંગ્રેસ સાથે જોડાઈ રહ્યા છે. પંજાબમાં સફળતા મળ્યા બાદ ગુજરાતની મોટા ભાગની વિધાનસભા બેઠકો પર આમ આદમી પાર્ટી સારૂં પ્રદર્શન કરી રહી છે. આ પક્ષ તેના આંકડા અને મતના હિસ્સામાં વધારો કરશે.

મતદારોમાં વ્યાપેલા વલણનું અર્થઘટન કરવા માટે આ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યો હતો, જેથી કરીને તેને સંબંધિત વ્યૂહરચના ઘડી શકાય. આ સમગ્રતયા સર્વેક્ષણ મુજબ ગુજરાતમાં આમ આદમી પાર્ટી સારો દેખાવ કરે તેવા સંકેતો મળી રહ્યા છે. આ પક્ષ ભાજપાને વધુ સારી લડત આપશે અને ગુજરાતની ઘણી બધી બેઠકો પર કોંગ્રેસના મતના હિસ્સામાં મોટા પ્રમાણમાં ગાબડું પડે અને તે ત્રીજા સ્થાન પર ધકેલાય તેમાં કોઈ આશ્ચર્ય જણાતું નથી. અને એવી પણ શક્યતા છે કે ચૂંટણી પછી કોંગ્રેસના ઘણા બધા ટોચના નેતાઓ પક્ષ છોડી જાય અને અન્ય રાજકીય પક્ષમાં જોડાય.

# આજે પણ પેટ્રોલ-ડીઝલનાં ભાવમાં કોઈ બદલાવ નથી, મુંબઈમાં રૂ. ૧૨૦ લીટર પેટ્રોલ

મુંબઈ,તા.૨૫

સરકારી ઓઈલ કંપનીઓએ સોમવારે સવારે પેટ્રોલ-ડીઝલનાં નવાં ભાવ જાહેર કરી લીધા છે. ગ્લોબલ માર્કેટમાં કૃડ ઓઈલનાં ભાવમાં સ્થિરતાને કારણે આજે પણ પેટ્રોલ-ડીઝલનાં ભાવમાં કોઇ બદલાવ નથી કરવામાં આવી રહ્યો.

ઓઈલ કંપનીઓએ છેલ્લે ૬ એપ્રિલે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો. આ પછી છેલ્લા ૨૦ દિવસથી તેની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી. દેશના ચાર મહાનગરો સહિત તમામ મોટા શહેરોમાં તેલની કિંમતો સ્થિર રહી છે. રાજધાની દિલ્હીમાં પેટ્રોલ ૧૦૫.૪૧ રૂપિયા અને મુંબઈમાં ૧૨૦.૫૧ રૂપિયા પ્રતિ લિટર વેચાઈ રહ્યું છે. ડીલર્સનું કહેવું છે કે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ અત્યારે ૧૦૬ ડોલર પ્રતિ બેરલની આસપાસ છે. જો તેની કિંમતો વધશે તો કંપનીઓ ફરીથી પેટ્રોલ અને ડીઝલ મોંઘું કરી શકે છે.

ચારેય મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ જોઈએ તો દિલ્હીમાં પેટ્રોલ રૂ. ૧૦૫.૪૧ અને ડીઝલ રૂ. ૯૬.૬૭ પ્રતિ લીટર,-મુંબઈમાં પેટ્રોલ રૂ. ૧૨૦.૫૧ અને ડીઝલ રૂ. ૧૦૪.૭૭ પ્રતિ લીટર,-ચેન્નાઈ પેટ્રોલ રૂ. ૧૧૦.૮૫ અને ડીઝલ રૂ. ૧૦૦.૯૪ પ્રતિ લીટર,-કોલકાતા પેટ્રોલ રૂ. ૧૧૫.૧૨ અને ડીઝલ રૂ. ૯૯.૮૩ પ્રતિ લીટર

# સુપ્રીમ કોર્ટમાં ૩૭૦ની કલમ નાબૂદ વિરૂદ્ધની અરજીઓ પર જુલાઇ મહિનામાં સુનાવણી થશે

નવીદિલ્હી,તા.૨૫

જમ્મુ-કાશ્મીમાં કલમ ૩૭૦ નાબૂદ કરવા વિરુદ્ધની અરજીઓ પર જુલાઈમાં બંધારણીય બેંચમાં સુનાવણી થઈ શકે છે. ઝસ્ટિસ એનવી રમનાએ કહ્યું કે તેઓ જુલાઈમાં ૩૭૦ સંબંધિત અરજીઓની સુનાવણી માટે પાંચ જજનું બેંચ બનાવવાનો પ્રયાસ કરશે. વરિષ્ઠ વકીલ શેખર નાફડેએ કેસની વહેલી સુનાવણીની માંગ કરી હતી. ઝસ્ટિસએ કહ્યું કે આ પાંચ જજોની બંધારણીય બેંચનો મામલો છે. શેખર નાફડેએ પહેલા આવતા અઠવાડિયે સુનાવણીની માંગ કરી હતી, પરંતુ બાદમાં કહ્યું હતું કે ઉનાળાની રજાઓ પછી સુનાવણી થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરની નવી સીમાંકન પ્રક્રિયાનો મામલો પણ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સીમાંકન પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને પડકારવામાં આવી છે. પિટિશનમાં સીમાંકન નોટિફિકેશન પર રોક લગાવવાની માંગ કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના રહેવાસીઓએ આ અરજી દાખલ કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશને સીમાંકન કરવા માટે સીમાંકન આયોગના બંધારણની સૂચના ગેરબંધારણીય છે. આ વર્ગીકરણ સમાન છે અને સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે. કેન્દ્રએ સત્તાનો દુરુપયોગ કર્યો છે, જે મૂળ ભારતના ચૂંટણી પંચની હતી.

અરજીમાં કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની બેઠકોની સંખ્યા ૮૩ થી વધારીને ૯૦ કરવાનો પણ વિરોધ કરવામાં આવ્યો છે. જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશ અને આસામ, અરુણાચલ પ્રદેશ, મણિપુર અને નાગાલેન્ડ રાજ્યોને સીમાંકન કરવા માટે સીમાંકન પંચની રચના કરવા માટે માર્ચ ૨૦૨૦ ની સૂચનાકલમ ૧૪ હેઠળ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે. આ અરજી જમ્મુ-કાશ્મીરના રહેવાસી હાજી અબ્દુલ ગની ખાન અને ડૉ. મોહમ્મદ અયુબ મટ્ટુ દ્વારા દાખલ કરવામાં આવી છે.

સીમાંકન એટલે જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં બેઠકોની સંખ્યા ૮૩ થી વધારીને ૯૦ કરીને અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૨૪ બેઠકો સહિત દેશ અથવા પ્રાંતમાં વિધાનસભાની સંસ્થા ધરાવતા પ્રાદેશિક મતવિસ્તારોને સીમાંકન કરવાની અધિનિયમ અથવા પ્રક્રિયા. તેને ૧૦૭ થી વધારીને ૧૧૪ કરવા માટે રચવામાં આવેલ સીમાંકન આયોગ સામે અરજી દાખલ કરવામાં આવી છે). એવી દલીલ કરવામાં આવી છે કે સીમાંકનની આ કવાયત કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૮૧, ૮૨, ૧૭૦, ૩૩૦ અને ૩૩૨ અને કલમ ૬૩ની વિરુદ્ધ છે. અરજીમાં સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૦માં જોગવાઈ મુજબ દેશમાં આગામી સીમાંકન ૨૦૨૬ પછી થશે, તો પછી સીમાંકન માટે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને કેમ પસંદ કરવામાં આવ્યું? ૨૦૧૯ માં, અરજીઓ જસ્ટિસ એનવી રમના, જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ આર સુભાષ રેડ્ડી, જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતની બંધારણીય બેંચને મોકલવામાં આવી હતી. બેન્ચના સભ્યોમાંથી એક જસ્ટિસ સુભાષ રેડ્ડી આ વર્ષે જાન્યુઆરીમાં નિવૃત્ત થયા છે જ્યારે CJI પણ ઓગસ્ટમાં નિવૃત્ત થવાના છે, તેથી CJIએ બેન્ચની પુનઃરચના કરવી પડશે.

# વન વિભાગના ભેંસકાતરી ક્લસ્ટરના ૨૦૦ લાભાર્થીઓને સાધન સહાય અર્પણ કરાઈ

આહવાઃ તાઃ ૨૫ઃ

ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલે, વન વિભાગની વિકાસલક્ષી પ્રવૃતિઓને બિરદાવી ક્લસ્ટર યોજના અંતર્ગત અપાતા સાધન સહાયનો, કાયમી આજીવિકા મેળવવામા ઉપયોગ કરવાની અપીલ કરી હતી.

લાભાર્થીઓને મળેતા સાધનોનો સદ્‌ઉપયોગ કરવા સાથે વન વિભાગને વધુમા વધુ વિકાસલક્ષી કાર્યોનુ આયોજન હાથ ધરવાનો અનુરોધ કરતા ધારાસભ્યશ્રીએ, લાભાર્થીઓને જંગલના સંરક્ષણમા ભાગીદારી નોંધાવવાની પણ અપીલ કરી હતી.

દરમિયાન ઉપસ્થિત ધારાસભ્ય સહિતના અગ્રણીના હસ્તે સિવણના સંચા, અને તાલીમના પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. ઉપરાંત ભોંગડિયા, વાંકન, એન્જીપાડા, કાકરદા, ગોદડિયા, પાંઢરમાળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ૩૦૦ કીટ (બેગ તેમજ શૈક્ષણિક સાધનો)નુ પણ વિતરણ કરાયુ હતુ.

ભેંસકાતરી કલસ્ટરના કાર્યક્રમ દરમિયાન, નાયબ વન સંરક્ષક શ્રી ડી.એન.રબારીએ તેમના પ્રાસંગિક પ્રવચનમા, વન વિભાગ દ્વારા હાથ ધરાયેલા વિવિધ કામોની માહિતી રજૂ કરી હતી. જેમા મશરૂમ કીટ-૯૦, શૈક્ષણિક કીટ-૩૦૦, પ્રેરણા પ્રવાસ-૬૦ લાભાર્થીઓને (બાજીપુરા : સમુલદાણ પ્રોસેસિંગ યુનિટ, તેમજ વાંસકુઇ ડેરી ફાર્મની મુલાકાત કરાવી પશુપાલન અને ખેતી અંગે તાલીમ અને પ્રત્યક્ષ નિર્દશન પ્રેરણા પ્રવાસ), સિલાઇ મશીન-૨૬ લાભાર્થીઓને તાલીમ સાથે સહાય તેમજ શાકભાજીની કેરેટ-૬૬૭, તેમજ વન સંવર્ધનના કામો સહિત રેંજમા કુલ રૂપિયા ૫૪,૦૦,૦૦૦/-ના કામો કરવામા આવ્યા છે, તેમ જણાવ્યુ હતુ. તેમણે આ સાધન સહાયનો પ્રત્યેક લાભાર્થીઓને સદઉપયોગ કરી, પુરક આજીવિકા મેળવવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

ડાંગની ભૌગોલિક પરિસ્થિતિને અનુકુળ હોય તેવા નવા કામો જેવા કે મશરૂમની ખેતી, ઓર્ગેનિક ખેતી જેવા પ્રોજેકટ સુચવવા પણ શ્રી રબારીએ અનુરોધ કર્યો હતો.

ભેંસકાતરી રેંજના કાર્યવિસ્તારના ગામોમાંથી ૨૦૦ જેટલા લાભાર્થીઓની ઉપસ્થિતિ વચ્ચે ભેંસકાતરી ગામે યોજાયેલા આ કાર્યક્રમની આભારવિધિ RFO શ્રીએ આટોપી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO:004
વિષય: બિન્દાસ
પ્રકાર ગદ્ય(નિબંધ લેખ)

શબ્દો: ૩૯૪
શીર્ષક:સ્પષ્ટ વક્તા

માનવી જન્મે ને બોલતાં શીખે ને તેનાં સ્વરપટલમાંથી એક રણકાર નીકળે તેની પરથી જરૂર એટલું તો નક્કી થાય કે તે કેવા સૂરનો માલિક હશે. તેનું સૌંદર્ય તેની ચામડી કે રૂપ પરથી નક્કી થાય.આમ માનવનાં અંદાજ કરી લેવાની વૃત્તિ કોઈ વાર સત્ય તો કોઈ વાર અસત્ય કો કોઈવાર હાસ્યાસ્પદ પણ ઠરે.

ચાલો મૂળ મુદ્દા પર આવું એક વાર એક વ્યક્તિ તેમનાં સગાને ત્યાં ગઈ હતી, ત્યાં યજમાનને ત્યાં બાબો આવ્યો હતો. બધાં રમાડતાં હતાં ને પોતાનો મત દર્શાવી રહ્યાં હતાં. ત્યાં એક ભાઈ બહુ જ બિન્દાસ હતાં તે માનતા કે તેમનાં જેટલાં સ્પષ્ટ વક્તા કોઈ જ નથી તેઓ બોલી ઊઠ્યાં આ બાળક અત્યારે તો મર્કટ (વાંદરા) જેવું
દ્દિષ્ટમાન થાય છે. તેમનું આ બોલવું એટલું તેમને મોંઘું પડ્યું કે એમને એ ઘરમાં કાયમ માટે પ્રવેશ બંધ થઈ ગયો.

એકવાર એક પત્ની પતિને રોજ તૈયાર થાય ને પૂછે “હું કેવી લાગું છું.”

પતિ કેટલાય સમયથી રોજ કહેતો,” તું સુંદર દેખાય છે, ભલભલા તારા રૂપ આગળ ઝાંખા પડે.”

પત્ની સંતોષાતી નહિ, એટલે પતિને થયું કે આનો ઉપાય કરવો રહ્યો. રોજ હવે જાડી થતી પત્નીને કેવી રીતે કહેવું કે તું બેડોળ થતી જાય છે. તે બજારમાં જઈ અરિસો લઈ આવ્યો. જેમાં ચાર ઍંગલ (ખૂણા)થી પ્રતિબિંબ અલગ જ દેખાય. પત્ની ખુશ થઈ ગઈ ને તે અરિસો બેડ રૂમમાં લટકાવ્યો. નખશિખ પ્રતિબિંબ દેખાય. પત્ની અરિસા સામે ઊભી રહી તો પાતળી દેખાય, બીજી બાજુંથી થોડી બટકી, ત્રીજી બાજુંથી ચહેરો થોડો કરચલી વાળો દેખાયો, તે ગભરાય આઘી ખસી ગઈ . થોડી આઘી ખસીને ઉત્તર બાજુંથી અરિસાની સામે આવી તો જેવી હતી તેવી દેખાય તે બોલી ઊઠી,” હાય!હાય! હું તો જાડી થઈ ગઈ છું.”

દોડી પતિને કહેતા કહેતા રડવા જેવી થઈ ગઈ ને પતિ મહાશય બોલ્યા,” પ્રિયે, જે હું ન કહી શક્યો તે અરિસાએ બિન્દાસ રૂપે કહી દીધું અને કહેવાય છે ને અરિસો સાચું જ બોલે છે.”બિચારા પતિદેવને પંદર દિવસ પત્ની વિના કાઢવા પડ્યાં કારણ તે નારાજ થઈ પિયરે પ્રયાણ કરી ગઈ હતી.

પોતાની જાતને બિન્દાસ માનનારો માનવી ઘણીવાર એકલતા છૂપાવવા જ કે લોકો વચ્ચે આકર્ષણરૂપ બનવા
આવી અલ્લડગિરી કરતો હોય છે. અધૂરો ઘડો છલકાય ઘણો તેમ આવડત ઓછી હોયને બધાં વચ્ચે અર્ધ ઘટિત જ્ઞાન પિરસવા માંડે ને બિન્દાસ વાતોને વધારી ઘટાડીને કહે ત્યારે એ એવો ફસાતો હોય છે કે તેને બિન્દાસ ત્યાંથી છટકવું પડે છે. મોં છૂપાવી તેં ભાગી જાય છે ને હાસ્યને પાત્ર બનતાં બનતાં રહી જાય છે.

બિન્દાસ રહેવું સારું પણ નિજાનંદ માટે,પારકાંને માટે સચેતતા વાપરી બોલવું જરૂરી.સ્પષ્ટ વક્તા બનતા બિન્દાસી મુસીબતમાં મૂકી દે છે.

જયશ્રી પટેલ

## વલસાડમાં ફાલ્ગુની પાઠક લાઈવ ગરબા નાઈટમાં મોડી આવતા હોબાળો

વલસાડ,તા.૨૫

શહેરના શ્રીજી પાર્ટી પ્લોટમાં એક ઈવેન્ટ ઓર્ગેનાઈઝર દ્વારા ગરબા ક્વીન ફાલ્ગુની પાઠકના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્લોબલ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી દ્વારા બોડી બિલ્ડિંગ કોમ્પિટીશન અને ફેશન શો સાથે ફાલ્ગુની પાઠકના લાઈવ ગરબા યોજાવાના હતા. જોકે, કાર્યક્રમ શરૂ થવાના નિર્ધારિત સમય બાદ પણ ફાલ્ગુની પાઠક સ્ટેજ પર નહિ આવતા ઉપસ્થિત લોકો રોષે ભરાયા હતા. જે બાદ આયોજનના સ્થળ પર ધમાલ મચી હતી. આયોજકો અને પૈસા ખર્ચી પાસ લઈ કાર્યક્રમમાં આવેલા લોકોએ હોબાળો મચાવતા માહોલ ગરમાયો હતો. આયોજકો અને લોકો વચ્ચે ચાલી રહેલી બબાલ વખતે ફાલ્ગુની પાઠક આયોજનના સ્થળ પર પણ પહોંચ્યા હતા. પરંતુ આયોજકો અને લોકો વચ્ચે ચાલી રહેલી બબાલથી મામલો ગરમાતાં ફાલ્ગુની પાઠક ફરી વખત પોતાની કારમાં બેસી અને નીકળી ગયા હતા. આથી કાર્યક્રમ રદ થયા માહોલ ગરમાયો હતો. આથી ઘટનાની જાણ થતા જ પોલીસ પણ તાત્કાલિક પાર્ટી પ્લોટ પર પહોંચી હતી.. અને મામલો થાળે પાડવાના પ્રયાસ કર્યો હતો.

બનાવની વિગત મુજબ, વલસાડના ગ્લોબલ ઈવેન્ટ મેનેજમેન્ટ નામના ઓર્ગેનાઈઝર દ્વારા ગરબા ક્વીન ફાલ્ગુની પાઠકના લાઈવ ગરબા યોજાવાના હતા. શ્રીજી પાર્ટી પ્લોટમાં ૮ વાગ્યાથી ફાલ્ગુની પાઠકના ગરબાનો કાર્યક્રમ શરુ થવાનો હતો. જોકે, ૯:૦૦ વાગ્યા બાદ પણ કાર્યક્રમ શરૂ નહિ થતા કે ફાલ્ગુની પાઠક કાર્યક્રમમાં નહીં આવતા લોકો રોષે ભરાયા હતા. લોકોના આક્ષેપ મુજબ આયોજકોએ ફાલ્ગુની પાઠકના નામે પૈસા લઈ અને પાસ આપ્યા હતા. જોકે કોઈ કારણસર ફાલ્ગુની પાઠક નિર્ધારિત સમય સુધી ગરબામાં નહિ આવતા ઉપસ્થિત લોકોમાં રોષ વ્યાપ્યો હતો. આથી કાર્યક્રમના સ્થળ પર ધમાલ મચી હતી. આ બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો પણ શ્રીજી પાર્ટી પ્લોટ પર પહોંચ્યો હતો. મળતી માહિતી મુજબ પાર્ટી પ્લોટ સંચાલક, બાઉન્સરો, કેમેરા મેન સહિત અનેક લોકો અને આયોજકો વચ્ચે હિસાબને લઈ વિવાદ થયા કાર્યક્રમ શરું થઈ શક્યો ન હતો અને રદ કરવાની નોબત આવી હતી.




કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના પ્રજાવત્સલ સાંસદશ્રી અમિતભાઈ શાહના મતવિસ્તાર ગાંધીનગર મહાનગરના વોર્ડ નં.૯ અને ૧૦ના શક્તિકેન્દ્રના ઇન્ચાર્જશ્રીઓની બેઠક મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ તેમજ પ્રદેશ ભાજપા સહપ્રવક્તા ડૉ. ઋત્વિજ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેમાં પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રીશ્રી પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ ગાંધીનગર મહાનગરના મહામંત્રીશ્રી ગૌરાંગભાઈ પટેલ ઉપાધ્યક્ષશ્રી નિલેશભાઈ પટેલ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં સંગઠન દ્વારા કરવાના બુથ સુધીના કાર્યો તેમજ આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંગે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી.



આજે લેવાયેલી ગૌણ સેવા પસંદગી બોર્ડની પરીક્ષા માટે પરીક્ષા આપનાર ભાઈ - બહેનો અને જાહેર જનતા માટે અમારી અવધપુરી ટીમે છાશ ની સેવા કરી.આ કાર્યક્રમ અંતર્ગત મ્યુનિસિપલ કાઉન્સિલર. દિલીપ બગડીયા તેમજ અવધપૂરી એપાર્ટમેન્ટ ની ટીમ( રામટાપુ) ના લોકો મોટી સંખ્યા મા હાજર રહયા હતા

## અમીરગઢના વિરમપુરમાંથી બોગસ ડોક્ટર ઝડપાયો

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ :દીલીપ ગોહીલ

બનાસકાંઠા એસ.ઓ.જી પોલીસે ડીગ્રી વગર એલોપેથીક દવાઓ રાખી સારવાર કરતા રાજસ્થાનના બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો છે. એસ.ઓ.જી પોલીસે રામપુરા વડલા ૐઝ સ્ટાફ સાથે સુકાન્તકુમાર અમૂલ્ય રતન બિશ્વાસ વિરમપુર ગામે દવાખાનામાં રેડ નાખતા ડોક્ટરની પૂછપરછ કરી હતી. જેમાં ગુજરાત મેડિકલ એક્ટ અન્વયે સર્ટિફિકેટ માંગતા શખ્સ કોઈ મેડિકલ કાઉન્સિલર માન્ય સર્ટી રાજૂ કરી શક્યો નહોતો. જેથી અમીરગઢ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાસકાંઠા એસઓજી પોલીસ કોસ્ટેબલ હસમુખદાનને મળેલી બાતમીના આધારે મેડિકલ ઓફિસર એન.સી.ચૌધરી પી.એચ.સી. રામપુરાનાઓ તથા તેઓના સ્ટાફ સાથે રેડ કરતાં વિરમપુર સુકાન્તકુમાર અમૂલ્ય રતન બિશ્વાસ (રહે. શિયાવા તા.આબુરોડ, રાજસ્થાન )વાળો વિરમપુર દાવડાવાસમાં દવાખાનું ખોલી ડીગ્રી વગર દવા કરતો હતો. જેથી તેને ઝડપી મેડિકલ પ્રેક્ટિસન એક્ટ કલમ ૩૦,૩૫ મુજબ કાયદેસર કાર્યવાહી કરી અમીરગઢ પોલીસ સ્ટેશને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અનોખા લગ્નના ચાંદલા!!!

લગ્ન સમારોહમાં સૌથી કઠિન કામ ચાંદલો લખાવવાનું છે. લક્ષ્મી એ હાથનો મેલ છે. કમનસીબે આપણને પરસેવો વળે છે પણ હાથમાં મેલ લાગતો નથી, પછી ભલે હાથ ધૂળમાં રગદોળીશ.

રિસેપ્શન સ્ટેજ પર ચડી નવદંપતિને આશીર્વાદ કે શુભેચ્છા સાથે કવર અગર ગિફ્ટ આપવી એ પણ કપરૂં કામ છે!! સ્ટેજની નીચે સીડી પર અને નીચે પણ લાંબી લાઇન હોય છે. અહીંયા ફ્લેક્સી રેઈટ કે તત્કાલ યોજના જેવી સ્કિમ હોતી નથી કે સો રૂપિયા પ્રીમિયમ ભરોને સીધા નવદંપતિને અગ્રતાના ધોરણે આશીર્વાદ આપી શકો. ઘણીવાર પાંચસોનો ચાંદલો કરવા મનોમન વિચાર્યું હોય પણ રેઢિયાળ ફૂડ ખાઇને વિપક્ષની જેમ ચાંદલા કાપ દરખાસ્ત પસાર કરવી પડે!!!ઘણા લોકોને શેકસપિયરના નાટક મેકબેથની જેમ ટુ બી ઓર નોટ ટુબી જેમ ચાંદલો જમ્યા પહેલા કરવો કે જમ્યા પછી કરવો તેની દ્વિધા અનુભવતા હોય છે!!

લગ્ન જેવા પ્રસંગોમાં યજમાનને મદદ કરવા કે બીજા કોઇ કારણસર ચાંદલો કરવાની વ્યવસ્થા શરૂ થઇ હશે. હડપ્પા કે લોકલના પુરાતત્ત્વ ઉત્ખનનમાં આને લગતી કોઇ નક્કર વિગતો કે દસ્તાવેજ સાંપડ્યા નથી. કુમારસંભવ કે કાદંબરી કે ઈવન રામાયણમાં પણ આનો કોઇ ફોડ પાડવામાં આવેલ નથી. પહેલાના સમયમાં ચાંદલો કેટલો કરવો એ વિકટ સમસ્યા ન હતી. ૫૬ સભ્યો ધરાવતું નાનું કુટુંબ સુખી કુટુંબ બે ટંક જમીને સવા રૂપિયાનો અઢળક ચાંદલો કરતા હતા. ચાંદલો રોકડ સ્વરૂપે હોય તો વાંધો આવતો નથી.પણ વસ્તુ સ્વરૂપે આવે તો?? વીસ જણા લા ઓપેલોના ડિનર સેટ આપે તો પછી નિકાલ માટે દુકાન કરવી કે ગિફ્ટ પેપર બદલીને બીજા નવવિવાહિતોને ધાબેડી દેવી તેનું ગાઇડન્સ શૃંગાર શતક કે નીતિશતક કે ગિફ્ટોપનિષદમાં પણ નથી.૧૦૦ નંબર ડાયલ કરવાથી પણ માર્ગદર્શન મળતું નથી!!

એ જમાનામાં રસોઇ માટે કેટરિંગ સેવાનો ખ્યાલ અબ્રહ્મણ્યમ કે લા હૌલ કુવ્વત હતો. મહોલ્લા કે શેરીની બેનો, સગાવ્હાલા રાંધવાનું કામ સંભાળી લેતા. પુરૂષવર્ગ તમાકુના ટપાકા અને હાસ્યના ઠહાકા સાથે રસોઇની સામગ્રી લાવવા, શાક સમારવા, પાથરણા, પાટલા , ઢીંચણિયા ( અરે ભાઇ કલ્પનાને લગામ દો. ઢીંચણિયા એટલે શરાબ સેવન કરનાર નહીં. જમતી વખતે ઢીંચણ નીચે સપોર્ટ માટે લાકડાનું અડધિયું મુકવામાં આવતું હતું તેની વાત કરૂં છું. જેને આની ખબર ન હોય અને ઢીંચણિયું લેશો એવી પૃચ્છાના જવાબમાં નિર્દોષ ભાવે અડધું એમ કહે એટલે નિર્ભેળ હાસ્યની છોળ ઉડે!)

આજકાલ બુફે પ્રથા છે. ટેબલો પર વાનગીઓના બાઉલ મુક્યા હોય. તમારે વારાફરતી વાનગી લઇ લેવાની . પહેલા બેઠી પંગતમાં ભોજન લેવામાં આવતું હતું. એ હોરીજન્ટલ એરેન્જમેન્ટ હતી. હવે બુફેમા ઉભી પંગતમાં ભોજન લેવામાં આવે છે. એ વર્ટિકલ એરેન્જમેન્ટ છે. અલબત , બુફે સિસ્ટમમાં વૃધ્ધો, મહિલાઓ અને બાળકોની હાલત કફોડી થાય છે. તે લોકો લોનમાં બેસી જાય છે અને ભોજન કરે છે! આ પધ્ધતિમાં વાનગી ભરેલ પ્લેટ પકડવાનાં હાથમાં ખાલી ચડી જાય છે. પંગત લિસ્ટમાં પાણી પીરસવાથી પિરસણીયાની કારકિર્દીનો શુભારંભ થાય છે. પછી પ્રુવન એફિસન્યસી અને સિનિયોરીટીના આધારે છાશ, શાક, દાળ, ભાત, દૂધપાક , ફરસાણ, મિઠાઇ પીરસવાના પ્રમોશન મળે છે!!ઘણા લગ્નોત્સુક વાંઢાઓ બેનોની પંગતમાં પિરસણીયા થઈને લગ્નનો હાઇ વે પકડતા હતા !!

હમણાં એક લગ્નમાં ચાંદલાના કાઉન્ટર ખાતે રસપ્રદ સંવાદો સાંભળ્યા.

“નામ બોલો” કાઉન્ટર ચાંદલો લખતા ડેઝગ્નેટેડ ઓફિસર પૂછ્યું.

“સવજી લવજી” જવાબ.
“કેટલો ચાંદલો?” પૃચ્છા.
“ એક.” જવાબ.
એક હજાર?”
“ના”
“મતલબ?”
તેલનો એક ડબ્બો!!”
“હેંહેંહેં”

પછી તુવેરદાળનું પેકેટ, લીંબુનો હાર, ટમેટાની ક્રેટ,પેટ્રોલનો પાંચ લીટરનો કેરબો, પચાસ કિલો પસ્તી ( અરે પસ્તી પણ પચ્ચીસ ચાલીસ રૂપિયે કીલો વેચાય છે.)

વગેરે ચાંદલા પેટે નોંધાયા!!

ભરત વૈષ્ણવ...

ઈશ્વર બેઠો છે!!

હોસ્પટલના બિછાને તમારી પાસે કોઈ ન હોય તે સમયે,

તમારા બેડની પાસેના સ્ટુલ પર ઈશ્વર બેઠો હોય છે.

રાતના સમયે સ્ટાફ જપી જાય ત્યારે પરમેશ્વર બેઠો હોય છે.

દર્દ અસહ્ય બને ને તે સમયે મુરલીધર તમારી પીઠ પસવારતો હોય છે.

ગ્લુકોઝના બાટલાની વહેતી ડ્રીપમાં મારો નાથ વહેતો હોય છે.

તમારા ક્ષેમકુશળને વહન કરનાર યોગેશ્વર હાજરાહજૂર હોય છે.

દવા, ઈન્જેકશનમા સંજીવની મિલાવવાનું કામ કોણ કરે છે?

નાણાંની અભાવે સારવાર અટકે ત્યારે શામળા બની હૂંડી ચુકવતો હોય છે.

નિહાળી શકો નહી એટલે વિહ્વળ બનો તેમાં તમારો દોષ નથી,

તર્ક, બુદ્ધિની ફૂટપટીથી મર્યાદા પુરુષોત્તમ રામને માપી શકો?

તમારી ભૂલ,અપરાધ,દોષ , શંકા કુશંકાને ઉદાર હ્રદયે માફ કરે છે,

એટલે જ તમારા બેડની પાસેના સ્ટુલ પર ઈશ્વર બેઠો હોય છે.

ભરત વૈષ્ણવ

## પાકિસ્તાની અલ હજ બોટમાં તાલશી લેતા હેરોઇના ૫૫ પેકેટ સાથે ૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે : રાજ્ય પોલીસ વડા આશિષ ભટિયા



ગાંધીનગર,તા.૨૫

પાકિસ્તાના દરિયા માર્ગે ભારત ઘૂસડવામાં આવતા હેરોઇન જથ્થાને બતામીના આધારે ગુજરાત એ. ટી .એસ અને કોસ્ટગોર્ડ સયુંકત ઓપરેશન પાર પાડી પાકિસ્તાની અલ હજ બોટમાં તાલશી લેતા હેરોઇના ૫૫ પેકેટ સાથે ૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી જેની બજાર કિંમત ૨૮૦ કરોડથી પણ વધુ માનવામાં આવી રહી છે તે અંગે ગુજરાત પોલીસ વડા આશિષ ભટિયા પત્રકાર પરિષદ સંબોધી જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસડાવાનું ષડયંત્ર પાકિસ્તાનું હતુ જેણે ગુજરાતની સુરક્ષા એજન્સી ઇન્ડિયન કોસ્ટગાર્ડ ગુજરાત એ. ટી.એસ મધદરિયે સર્ચ ઓપરેશન હાથ ધરી હેરોઇન ઘૂસાડવાનુ કાવતરૂ નિષ્ફળ બનાવ્યુ હતુ ઓપરેશન દરમિયાન ફાયરિંગ થયા હોવાની પણ ઘટના સામે આવી છે.

છેલ્લા ત્રણ દિવસથી એજન્સીઓ દ્વારા સર્ચ ઓપરેશન ચલાવામાં આવી રહ્યું હતું પાકિસ્તાની અલહજ નામની બોટ સાથે ૯ ક્રૂ મેમ્બર પણ ઝડપી પાડ્યા છે જો કે ઇન્ડિયન કોસ્ટગાર્ડને જોતા પાકિસ્તાન બોટે ભાગવાનો પ્રયાસ કર્યો હતો જેમાં ફાયરિંગ દરમિયાન ઘટનામાં ત્રણ લોકોને ઈજા પહોંચી હતી પાકિસ્તાનના કરાચી માંથી મુસ્તફા નામના શખ્સે હેરાઇનનો જથ્થો ભારત મોકલ્યો હતો હેરોઇન કયા કોને આપવાનો હતો તે અંગે હાલ તપાસ ચાલી રહી છે આફઘાન બનાવટની તૈયારી હેરાઇન મળી આવી હતી પકડાયેલા આરોપીઓને રિમાન્ડ લેવામાં આવશે ગુનો નોંધવામાં આવશે આ અલહજ બોટમાં ૧૭ કેન્ટેનરો આવ્યા હતા હાલ દરિયાઇ વિસ્તારોમાં વધુ સુરક્ષા ગોઠવામાં આવી છે

# શૌનકજીનો ધર્મરાજા યુધિષ્ઠિરને ઉપદેશ




જયારે પાંડવોએ બાર વર્ષના વનવાસમાં જવાની તૈયારી કરી ત્યારે ઘણા જ બ્રાહ્મણો પ્રેમવશ પાંડવોની પાસે આવ્યા હતા.તેમાં ઘણા અગ્નિહોત્રી બ્રાહ્મણો પણ હતા, તે સમયે ધર્મરાજા યુધિષ્ઠિરે કહ્યું કે મહાત્માઓ ! આ સમયે અમારૂં રાજય..લક્ષ્મી અને સર્વસ્વ શત્રુઓએ લુંટી લીધું છે. હવે અમે કંદમૂળોનુ ભોજન કરીને વનમાં નિવાસ કરીશુ. વનમાં ઘણા કષ્ટ પડશે, આપ પોત પોતાના નિવાસ સ્થાને પધારો. અત્યારે અમારી પાસે ધન નથી તેથી લાચાર છીએ.ધર્મરાજ યુધિષ્ઠિરે આમ શોક પ્રગટ કર્યો અને ઉદાસ થઈને ભૂમિ ઉપર બેસી ગયા ત્યારે આત્મજ્ઞાની શૌનકજીએ કહ્યું કે..

“અજ્ઞાની મનુષ્યની સામે પ્રતિદિન સેકંડો અને હજારો શોક તથા ભયના અવસર આવે છે પરંતુ જ્ઞાનીઓના જીવનમાં તેનો પ્રભાવ પડતો નથી.સત્પુરૂષો આવા અવસરોએ કર્મબંધનમાં પડતા નથી. જ્ઞાનીઓને કોઈપણ શારીરિક કે માનસિક દુ:ખ પ્રભાવિત કરી શકતાં નથી.”

મહાત્મા જનકજીએ જગતને શારિરીક અને માનસિક દુ:ખોથી પીડિત જોઈને તેની શાંતિના માટે જે વાતો કહી તે હું કહું છું.

શરીરનાં દુ:ખના ચાર કારણ છે:રોગ,દુ:ખદ વસ્તુનો સ્પર્શ,અધિક પરિશ્રમ તથા અભિલષિત વસ્તુ ન મળવી.આ નિમિત્તોથી મનમાં ચિંતા થાય છે અને માનસિક દુ:ખ જ શારિરીક દુ:ખનું રૂપ ધારણ કરી લે છે.લોખંડનો ધગધગતો ગોળો જો પાણી ભરેલા ઘડામાં મૂકી દેવામાં આવે તો ઘડાનું પાણી પણ ગરમ થઈ જાય છે તેવી જ રીતે માનસિક પીડાથી શરીર પણ વ્યથિત બની જાય છે એટલા માટે જેમ પાણીથી અગ્નિને શાંત કરવામાં આવે છે તેવી જ રીતે જ્ઞાનના ધ્વારા મનને શાંત રાખવુ જોઈએ.મનનું દુ:ખ દૂર થતાં જ શરીરનું દુ:ખ પણ મટી જાય છે.×

મનના દુ:ખી થવાનું કારણ છે ‘‘સ્નેહ× સ્નેહના કારણે જ મનુષ્ય વિષયમાં ફસાતો જાય છે અને અનેક પ્રકારના દુ:ખ ભોગવે છે.સ્નેહના કારણે જ દુ:ખ ભય શોક વિગેરે વિકારોની પ્રાપ્તિ થાય છે.સ્નેહના કારણે જ વિષયોની સત્તાનો અનુભવ છે અને ત્યાર પછી તેનામાં ×રાગ× આવી જાય છે. સ્નેહ એ વિષયચિંતન અને રાગથી પણ વધુ બળવાન છે. જીવનમાં થોડો ઘણો રાગ પણ ધર્મ અને અધર્મનો સત્યાનાશ કરી દે છે.વિષયોના ના મળવાથી જે પોતાને ત્યાગી છે તેમ માને છે તે સાચો ત્યાગી નથી. વાસ્તવમાં સાચો ત્યાગી તે છે કે જે વિષયોના મળવા છતાં પણ તેમાં દોષદ્રષ્ટિ કરે છે અને તેનાથી દૂર રહે છે.વિરકત પુરૂષ દ્રેષરહિત હોય છે એટલા માટે તે ક્યારેય કર્મબંધનમાં બંધાતો નથી. જગતમાં મિત્ર અને ધનનો સંગ્રહ કરવો જ જોઈએ પરંતુ તેનામાં આસકિત ના રાખવી જોઈએ. વિચારના ધ્વારા જ સ્નેહનો ત્યાગ થાય છે.જેવી રીતે કમળના પાન ઉપર પાણીનું બિદું રહી શકતું નથી તેવી રીતે વિવેકી, ભગવત્પ્રાપ્તિ ઈચ્છુક અને આત્મજ્ઞાની પુરૂષના ચિત્તમાં સ્નેહ ટકતો નથી. વિષયના દર્શનથી તેમાં રમણીય બુધ્ધિ થાય છે પછી પ્રિયતાની અનુભૂતિ થાય છે અને તે ભોગવવાની ઈચ્છા થાય છે તેની પ્રાપ્તિ થતા વારંવાર તેને પામવાની તૃષ્ણા પેદા થાય છે આ તૃષ્ણા જ તમામ પાપોનું મૂળ છે, ઉદ્વેગની જનની છે અને તે અધર્મ કરતાં પણ ભયંકર છે. મૂર્ખ માણસો તેનો ત્યાગ કરી શકતા નથી. માનવની વૃદ્ધાવસ્થા આવવા છતા તૃષ્ણા વૃદ્ધ થતી નથી તે શરીરની સાથે જ નાશ થનારી એક જાતની બિમારી છે તેનો ત્યાગ કરવાથી જ સાચા સુખની પ્રાપ્તિ થાય છે. પ્રાણીઓના હ્રદયમાં પ્રવેશ કરીને આ તૃષ્ણા પોતાની જ આગથી તેનો નાશ કરી દે છે અને પોતે ક્યારેય નાશ પામતી નથી.જેવી રીતે ઈંધન પોતાની જ આગથી ભસ્મ થઈ જાય છે તેવી જ રીતે લોભી પુરૂષ સ્વાભાવિક લોભથી જ નષ્ટ થઈ જાય છે. જેવી રીતે પ્રાણીઓની ઉપર મૃત્યુનો ભય હંમેશાં બનેલો રહે છે તેવી જ રીતે ધનવાન પુરૂષોને રાજા જળ અગ્નિ અને કુટુંબનો ભય હંમેશાં બનેલો રહે છે.જેવી રીતે માંસને આકાશમાં પક્ષી, ભૂમી ઉપર હિંસક જીવ અને પાણીમાં મગરમચ્છ ખાઈ જાય છે. મૂર્ખાઓની તો વાત જ શું કરવાની મોટા મોટા બુધ્ધિમાનોના માટે પણ ધન એ અનર્થનું કારણ છે. તમામ પ્રકારનાં ધન લોભ મોહ કંજૂસાઈ ઘમંડ ભય અને ઉદ્વેગને વધારનારાં છે. ધનને કમાવવામાં, તેનું રક્ષણ કરવામાં અને વાપરવામાં પણ ઘણા દુ:ખ સહન કરવા પડે છે. ધનના માટે લોકો એકબીજાના પ્રાણ લેતાં પણ અચકાતા નથી. જો ધન આપણી પાસે ભેગુ થઈ જાય તો તે પાળેલા શત્રુ સમાન છે.તેને છોડવું પણ કઠીન થઈ જાય છે. ધનની ચિંતા કરવી એટલે પોતાનો નાશ કરવો, તેનાથી અજ્ઞાની હંમેશાં અસંતુષ્ટ રહે છે અને જ્ઞાની હંમેશાં સંતુષ્ટ રહે છે.ભૂખ કયારેય મટતી નથી, તેના તરફથી મુખ ફેરવી લેવું એ જ પરમ સુખ છે.સાચો સંતોષ એ જ પરમશાંતિ છે.


ધર્મરાજ..યુવાની સુંદરતા અપાર ભૌતિક સંપતિ ઐશ્વર્ય તથા પ્રિયવસ્તુ અને વ્યકિતઓનો સમાગમ આ તમામ અનિત્ય છે. બુધ્ધિમાન પુરૂષ તેને કયારેય ઈચ્છતા નથી એટલા માટે યોગ્ય એ છે કે તમામ પ્રકારના સંગ્રહ-પરિગ્રહનો પરિત્યાગ કરી દેવો અને ત્યાગ કરવાના કારણે જે કંઈ કષ્ટ ઉઠાવવું પડે તે પ્રસન્નતાથી ઉઠાવવું.પ્રારબ્ધથી પ્રાપ્ત વસ્તુમાં જ સંતુષ્ટ રહેવું. ધર્મ કરવા માટે પણ ધન કમાવવાની અપેક્ષાએ ન કમાવવાનું એ જ શ્રેષ્ઠ છે. જો છેલ્લે કીચડને ધોવો જ પડવાનો હોય તો પહેલાથી જ કીચડનો સ્પર્શ કેમ કરીએ? એટલા માટે કોઈપણ વસ્તુની ઈચ્છા જ ન કરો.જો આપ પોતાના ધર્મની ઉપર અટલ રહેવા ઈચ્છતા હો તો ધનની ઈચ્છા સર્વથા ત્યાગી દો.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

### સખિયા પરિવાર દ્વારા

# શુભ લગ્ન પ્રસંગ નિમિતે સદભાવના વૃદ્ધાશ્રમને ૨,૫૧,૦૦૦/- નું અનુદાન આપવામાં આવ્યું.

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૩૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે.



તેમાંથી ૧૨૦ વડીલો તો સાવ પથારીવશ (ડાઈપર વાળા) છે.

રાજકોટનાં પ્રખ્યાત ઉધોગપતિ અને રાજેશ ઍન્જિનિયરિંગ વર્કસનાં રાજેશભાઇ સખિયા (મો. ૮૦૦૦૦૫૨૦૧) તથા શ્રીમતી દીપાબેનનાં પુત્ર રવિના શુભ લગ્ન શ્રીમતી હેતલબેન તથા મનીશભાઈ ગુણવંતભાઈ બોઘરાની સુપત્રી સાથેનાં પ્રસંગે એક નવતર પ્રયોગ અને સમાજને ઉતમ ઉદાહરણ પૂરું પાડતાં સખિયા પરિવાર દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમને ૨,૫૧,૦૦૦/- નું અનુદાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ(સદભાવના વૃદ્ધાશ્રમ)નાં વિજયભાઇ ડોબરિયા તથા રાજેશભાઇ રૂપાપરા એ અનુદાન સ્વીકારી સખિયા પરિવારનો આ પ્રેરણાદાયી કાર્ય કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સદભાવના વૃદ્ધાશ્રમ : પીપળીયા ભવન, સ્વામિનારાયણ ગુરુકુળ સામે, ગોંડલ રોડ ફાટકની નજીક, ડી માર્ટ વાળી શેરી, રાજકોટ. (મો. ૮૦૦૦૨૮૮૮૮૮)

# જીગ્નેશ મેવાણીની ધરપકડના વિરોધમાં માણાવદર તાલુકા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



(જીગ્નેશ પટેલ દ્વારા)

વડગામના ધારાસભ્ય અને રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ ના રાષ્ટ્રીય સંયોજક એવા જીગ્નેશ મેવાણી ની આસામ પોલીસે ધરપકડ કરી છે તેના જોરદાર પ્રત્યાઘાત પડી રહ્યા છે. આ ધરપકડના વિરોધમાં ઠેર-ઠેર થી સરકારને આવેદનપત્રો પઠવાઈ રહ્યા છે. દલિતોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે ગેરબંધારણીય રીતે થયેલી ધરપકડ ને લોકો રાજકારણમાં ખપાવી રહ્યા છે ને ભાજપ રાજકારણ રમે છે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

આજરોજ માણાવદર તાલુકા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચે પણ આ ધરપકડનો વિરોધ કરી સ્થાનિક મામલતદાર મારફત રાજયપાલને એક આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે આસામ પોલીસે જીગ્નેશ મેવાણીની ધરપકડ કરી છે તે ગેરબંધારણીય રીતે કરી છે સી.આર.પી.સી.ની કલમ ૫૦(એ) મુજબ ધરપકડ કરાયેલ વ્યક્તિને ધરપકડ વિશેની જાણકારી આપવી જોઈએ જે નથી અપાઈ

ભારતના બંધારણ મુજબ ભારતના કોઈપણ ધારાસભ્યની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવે તો જે તે રાજયની વિધાનસભાની પૂર્વ મંજુરી લીધા બાદ જ ધરપકડ થઈ શકે. પરંતુ આ કિસ્સામાં એવું નથી થયું ટીમ રાષ્ટ્રીય દલિત અધિકાર મંચે જણાવ્યું હતું કે જીગ્નેશ મેવાણીને તાત્કાલિક મુક્ત કરવામાં આવે જો મુક્ત કરવામાં નહીં આવે તો ટીમ રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા માણાવદર તાલુકામાં જેલ ભરો આંદોલન કરવામાં આવશે તેમ રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ ના પ્રમુખ ભાવિનભાઈ રાઠોડે જણાવ્યું હતું

તસવીર અહેવાલ
જીગ્નેશ પટેલ માણાવદર

# લ્યો બોલો દાંતા તાલુકાના ગંગવા ગામમાં ગ્રામ સભાના દિવસે જ ખંભાતી તાળાં



### ગંગવા ગ્રામ પંચાયતમાં તલાટી સતત ગેરહાજર રહેવાની ફરિયાદો ઉઠવા છતાં પણ જિલ્લા વિકાસ અધિકારી મૌન

દાંતા તાલુકાના ગંગવા ગામમાં અનેક ફરિયાદો ઉઠ તી હોય છે ત્યારે ગામમાં લોકોને પડતી મુશ્કેલીઓ નો નિકાલ કરવા માટે ગ્રામ સભા યોજવામાં આવતી હોય છે અને જે પણ પ્રશ્રૂન હોય તે ગ્રામ સભામાં રજુઆતો કરવાની છે અને ગંગવા ગામમાં તલાટી અને સરપંચ ની ઘોર બેદરકારીના કારણે ગંગવા ગ્રામ પંચાયતમાં તલાટી સરપંચ સતત ગેરહાજર રહેતાં લોકોનાં કામ નથી થતાં ત્યારે દાંતા તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એક ગ્રામ સભાનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે ગંગવા ગ્રામ પંચાયત નાં તલાટી કમ મંત્રીની ઘોર બેદરકારીના કારણે પંચાયતમાં સતત ગેરહાજર રહેવાની લોકોમા ઉઠી રહી છે માંગ અને તલાટી દાંતા તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી ના કાયદા નું પાલન ન કરતાં હવે જિલ્લા વિકાસ અધિકારી શું પગલાં લેશે કે નહીં લે તે પણ એક ચર્ચાનો વિષય બન્યો છે તલાટી ગ્રામ પંચાયતને પોતનો અડ્ડો સમજી બેઠેલા તલાટી કોઈ રાજકારણ સાથે સંકળાયેલા હોય અને નોકરી નો કોઈ ડર ન હોય તે રીતે નોકરી કરતા અને પોતાની મનમાની ચલાવતા તલાટી ઉપર જિલ્લા વિકાસ અધિકારી શું પગલાં લઈને તત્કાલિક સસ્પેન્ડ કરી તલાટી ને ભાન કરાવે તેવી સમગ્ર ગંગવા ગામનાં લોકોની માંગ ઉઠી રહી છે.

### પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે

# કામધેનુ યુનિવર્સિટી, આણંદ તથા આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ‘પશુ પરમહિતકારીઃ પ્રમુખસ્વામી મહારાજ’ વિષય પર પરિસંવાદ યોજાયો

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા, ભગવાન શ્રીસ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામોગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી અસંખ્ય લોકોનાં સુખ-દુઃખનાં ભાગીદાર બનીને તેમની સાથે આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા-જુદા દૃષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે. તે અંતર્ગત આર્ષ શોધ સંસ્થાન અને ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં



પ્રમુખસ્વામી મહારાજે આપેલા યોગદાનને લક્ષ્યમાં રાખી પરિસંવાદો-સેમિનારોનું આયોજન પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષ નિમિત્તે થઈ રહ્યું છે.

કરુણામૂર્તિ સંત પ્રમુખસ્વામી મહારાજે મૂંગા પશુઓ પ્રત્યે લાગણી દર્શાવીને ગૌશાળાઓ, પશુચિકિત્સા કેમ્પો, દુષ્કાળના સમયમાં શરૂ કરેલા કેટલકેમ્પો, ઘણી સંસ્થાઓને હજારો મણ ઘાસ અને લાખો રૂપિયાનું દાન આપી અને અપાવી, વિરાટ કાર્યો દ્વારા, આચરણ અને ઉપદેશ દ્વારા સમગ્ર માનવ સમાજને પ્રેરણા આપી છે. પશુભક્તિ દ્વારા પ્રભુભક્તિનું તાદશ દર્શન કરાવી, ઢોરની માવજતના એક આદર્શ નમૂના દ્વારા સૌને માર્ગદર્શન આપી તેમણે કરેલાં પશુલક્ષી અદ્વિતીય કાર્યોને ઉપલક્ષમાં લઈને કામધેનુ યુનિવર્સિટી, આણંદ તથા આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે “પશુ પરમહિતકારી : પ્રમુખસ્વામી મહારાજ” એ વિષય પર ઓપન એર થીયેટર, વેટરનરી કોલેજ આણંદ ખાતે વિશેષ પરિસંવાદ સોમવાર,તા.૨૫/૦૪/ ૨૦૨૨ ના રોજ યોજાયેલ હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. એન. એચ. કેલાવાલા, વક્તા તરીકે પ્રમુખસ્વામી મહારાજના જીવન પર વિરાટ ગ્રંથશ્રેણીના લેખક, સારંગપુરના ડૉ. પૂ. આદર્શજીવનદાસ સ્વામી તથા દ્વિતીય વક્તા તરીકે વેટરનરી ફોર્મેકોલોજી વિભાગના પ્રાધ્યાપક અને વડા, ડૉ. એસ. કે. ભાવસાર સાહેબ, અતિથિવિશેષ તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, આણંદના કોઠારીશ્રી પૂ. ભગવતચરણદાસ સ્વામી તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ ગાંધીનગરના ડાયરેકટર ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વેટરનરી કોલેજ, આણંદના આચાર્યશ્રી ડૉ. એમ. એન. બ્રહ્મભટ્ટ દ્વારા સ્વાગત પ્રવચન રજૂ થયું.

સાધુતાના સર્વોચ્ચ શિખરે વિરાજતા હોવા છતાં સ્વામીશ્રીમાં પશુ સંરક્ષણની કુશળતાનો પણ જોટો જડે તેમ નથી. છેલ્લા છ દાયકાથી વિરલ નેતૃત્વ પૂરું પાડી બીએપીએસ સંસ્થાને ચરોતરના ચોકમાંથી વિશ્વફલક ઉપર મૂકી દીધી છે. ડૉ. એસ. કે. ભાવસાર સાહેબે પશુ સંરક્ષણમાં-પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન વિષયક પોતાનું ટૂંક વક્તવ્ય રજૂ કર્યું. ત્યારબાદ “પ્રમુખસ્વામી મહારાજ કાર્ય” વીડીઓ દર્શનના માધ્યમથી સૌએ માણ્યું હતું. જેમાં પૂ. પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી કરેલાં વિવિધ કાર્યોની સ્મૃતિ સૌ શ્રોતાઓએ નિહાળી હતી.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા પૂ. આદર્શજીવનદાસ સ્વામીએ લાખો માનવજીવનનું ઘડતર કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં અનેક કાર્યોને વર્ણવીને બાળ, યુવા અને આબાલવૃદ્ધના સમાજ ઘડતર કરવામાં આપેલા પ્રમુખસ્વામીના યોગદાનની સાથે સાથે કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજની નિઃસ્વાર્થ પશુદયા ક્ષેત્રે તેમનું અદ્વિતીય પ્રદાન અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન- નિઃસ્વાર્થ પશુદયા” વિષયક વક્તવ્ય રજૂ કર્યું હતું. પૂ. આદર્શજીવનદાસ સ્વામીએ જણાવ્યુ કે, “મનુષ્ય અને પશુ એકબીજા માટે જીવે તેનું નામ ભારતીય સંસ્કૃતિ. પ્રમુખસ્વામી મહારાજ મૂંગા

# ભારતીય તટરક્ષક દળ અને ATS ગુજરાતના સંયુક્ત ઓપરેશનમાં પાકિસ્તાની બોટમાંથી ૨૮૦ કરોડનું નાર્કોટિક્સ જપ્ત



અમદાવાદ
૨૫ એપ્રિલ ૨૦૨૨

ભારતીય તટરક્ષક દળ (ICG)ને મળેલી ચોક્કસ બાતમીના આધારે, ત્રાસવાદ વિરોધી સ્ક્વૉડ (ATS) ગુજરાત સાથે મળીને સંયુક્ત રીતે આંતરરાષ્ટ્રીય સમુદ્રી સીમારેખા નજીક આવેલા પેટ્રોલિંગ વિસ્તારમાં વ્યૂહાત્મક રીતે જહાજ તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઓપરેશનમાં, ICG ના જહાજે પાકિસ્તાની બોટ ‘અલ હજ’માંથી ૦૯ પાકિસ્તાની ક્રૂને અરબ સમુદ્રમાં ભારતીય સમુદ્રી સીમાની અંદર પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી રૂપિયા ૨૮૦ કરોડની કિંમતનો નાર્કોટિક્સ ડ્રગ્સનો ૫૬ કિલો જથ્થો જપ્ત કર્યો હતા. ૨૪/૨૫ એપ્રિલ ૨૦૨૨ની રાત્રિ દરમિયાન, ભારતીય તટરક્ષક દળને ભારતીય સમુદ્રી સીમાની અંદર અંદાજે ૦૫ નોટિકલ માઇલ (દ્વસ)ના અંતરે એક બોટની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. આ બોટની નજીક આવેલા ICGના જહાજે તેને તપાસ માટે રોકાવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, બોટને પડકરાવાથી તેમણે બોટમાં રહેલા બંડલો પાણીમાં નાંખી દીધા હતા અને ત્યાંથી નાસી છૂટવાનું શરૂ કર્યું હતું. શંકાના આધારે, ICGના જહાજે તાત્કાલિક સમુદ્રમાં તરી રહેલા બંડલો લઇ એકઠા કરી લીધા હતા જેમાં નાર્કોટિક્સ હોવાની પુષ્ટિ થઇ હતી. સમુદ્રમાં કઠિન સ્થિતિ હોવા છતાં, ICGના જહાજે આ વિસ્તારમાં રહેલી બોટનો પીછો કર્યો હતો. પાકિસ્તાની બોટ ICG જહાજ દ્વારા આપવામાં આવેલી તમામ ઓડિટરી અને વિઝ્યુઅલ ચેતવણીઓનું પાલન કરવામાં નિષ્ફળ રહી હતી, આથી આસપાસમાં વોર્નિંગ શોટ્સ ફાયર કરવામાં આવ્યા હતા જેથી નાસી રહેલી બોટને અટકાવી શકાય. શોટ્સ ફાયર કરવાથી, બોટ રોકાઇ ગઇ હતી. ICG જહાજે ત્યારબાદ બોટને આંતરી લીધી હતી અને તેમાં સવાર ક્રૂની ધરપકડ કરી હતી.

ત્યારબાદ, ICG જહાજ દ્વારા નાર્કોટિક્સની ગેરકાયદે હેરાફેરીમાં સામેલ આ બોટને પ્રાથમિક પુરાવા તરીકે ભારતીય સમુદ્ર સીમાની અંદર ટોઇંગ કરીને લઇ જવામાં આવી હતી. આ બોટને જખૌ ખાતે લઇ જવામાં આવી હતી જ્યાં તમામ સુરક્ષા એજન્સીઓ વધુ તથ્યો જાણવા માટે સંયુક્ત તપાસ કરશે. છેલ્લા ૦૭ મહિનામાં ભારતીય તટરક્ષક દળ અને છૂજી ગુજરાત દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલું આ ત્રીજું ઓપરેશન છે.

# અમદાવાદ-મુંબઇ હાઇસ્પીડ રેલ-ડી.એફ.આઇ.સી સહિતના મહત્વપૂર્ણ રેલ્વે પ્રોજેક્ટસમાં કેન્દ્ર-રાજ્યના સુચારૂ સંકલન-અમલીકરણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રેલ્વે રાજ્યમંત્રીશ્રીની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરિય બેઠક



## અમદાવાદ-મુંબઇ હાઇસ્પીડ રેલ અન્વયે ૯૮ ટકા જમીન સંપાદન કામગીરી રાજ્ય સરકારના સક્રિય સહયોગથી પૂર્ણ થવા અંગે કેન્દ્રીય રાજયમંત્રીશ્રીએ આભાર વ્યકત કર્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે ગુજરાતના રેલ્વે સંબંધિત વિવિધ પ્રોજેક્ટસમાં રાજ્ય-કેન્દ્રના સુચારૂ સંકલન અંગે ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજી હતી.

પી.એમ.ગતિશક્તિના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર છે ત્યારે ડી.એફ.આઇ.સી. હાઇસ્પીડ રેલ પ્રોજેકટ, રાજ્યમાં વિવિધ રેલ્વે લાઇનના ગેજ રૂપાંતરણ અને રેલ્વે ઓવરબ્રીજ તેમજ ઇલેકટ્રીફિકેશનના જે નાના-મોટા પ્રશ્નો છે તેનું ત્વરાએ પરસ્પર સંકલનથી નિવારણ લાવવાની દિશામાં આ બેઠક ફળદાયી બનશે. રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેને ગુજરાતને કેન્દ્ર અને રાજ્ય સરકાર એમ ડબલ એન્જીનની સરકારનો ફાયદો મળે છે ત્યારે મહત્વપૂર્ણ રેલ્વે પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમય અને ત્વરિત ગતિએ પૂરા થાય તેવી સ્પષ્ટ હિમાયત કરી હતી. આ હેતુસર કેન્દ્રીય રેલ્વે મંત્રાલયના સંબંધિત અધિકારીઓ તથા રાજ્ય સરકારના વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે માસિક સમીક્ષા બેઠક યોજવા તેમણે અનુરોધ કર્યો હતો. અમદાવાદ-મુંબઇ હાઇસ્પીડ રેલ અન્વયે ગુજરાતમાં ૯૮.૭ ટકા જમીન સંપાદન કાર્ય રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના સક્રિય સહયોગથી પૂર્ણ થઇ ગયું છે તેની કેન્દ્રીય મંત્રીશ્રીએ સરાહના કરી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યકત કર્યો હતો. રેલ રાજ્ય મંત્રીશ્રી શ્રીમતી દર્શનાબહેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આગામી દિવસોમાં તેમના સુરત, ભરૂચ, નવસારીના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન આ હાઇસ્પીડ રેલની જે કામગીરી થઇ રહી છે તેની પ્રગતિ નિહાળવા સ્થળ મુલાકાત કરવાનું પણ નિમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં અધિકારીઓને જણાવ્યું કે, રાજ્ય-કેન્દ્ર વચ્ચેના રેલ્વે સંબંધિત જે પેન્ડીંગ ઈસ્યુ હોય તેનું નિવારણ એકબીજા સાથે સમજુતી અને ચર્ચા-વિચારણાથી આવે તેવું વાતાવરણ ઊભું થવું જોઇએ. આ સંદર્ભમાં તેમણે મુખ્ય સચિવ શ્રી પંકજકુમારને ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોર, રેલ્વે ઓવરબ્રીજમાં રાજ્ય-કેન્દ્રની ભાગીદારી સહિતના જે વિવિધ પ્રશ્નો છે તેના માટે ઇન્સ્ટીટયુશનલાઇઝડ વ્યવસ્થા ઊભી કરી એક માસ પછી સમગ્ર પ્રશ્નોના નિરાકરણની સમીક્ષા કરવા સૂચન કર્યુ હતું. આ બેઠકમાં મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, માર્ગ-મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઇ મોરડીયા તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને રેલ્વે મંત્રાલયના તથા વેસ્ટર્ન રેલ્વે હાઇસ્પીડ રેલ કોર્પોરેશન, ડી.એફ.આઇ.સી.ના વરિષ્ઠ અધિકારીઓ પણ સહભાગી થયા હતા.

# ડાંગજિલ્લામાં વધુ એક ૧૦૦% દિવ્યાંગને પણ સરકારના લાભથી વંચિત રાખતા કિસ્સાઓ બહાર આવ્યો

ડાંગજિલ્લા બ્યુરો સમાચાર)

ડાંગજિલ્લામાં વધુ એક ૧૦૦% દિવ્યાંગને પણ સરકારના લાભથી વંચિત રાખતા કિસ્સાઓ બહાર આવ્યો તાલુકા પંચાયત મા ઘોર અંધકાર D D O શ્રી ડૉ વીપીન ગર્ગ જરા ધ્યાન આપે તો સારું

થોડા દિવસ અગાઉ સમાચાર પ્રકાશિત કરવામાં આવ્યા છે કે પિપરી ગ્રામ પંચાયતમા ધુલચોન્ડ ગામ ના રહીશ એવા લીલાબેન જયેશભાઇ કુરકુટિયા જેઓને પ્રધાનમંત્રી આવસ યોજનાનો લાભ મળેલ નથી અને આ સાહી સુકાવવાનું નામ લીધેલ નથી ત્યાં બીજા ૧૦૦ % દિવ્યાંગ આવ્યા છે જોઓને લાભ મળેલ નથી તો સુ ડાંગમાં આવું જ હશે એવું લાગી રહ્યું છે સુ ડાંગમાં આવનાર અધિકારી ફક્ત ને ફક્ત પોતાના ખિસ્સા ભરવામાં માને છે ? લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે કે દરેક જગ્યાએ વજન મૂકવું પડે છે વજન વગર કામો થતા નથી સુ ખરેખર દિવ્યાંગ વ્યક્તિને પણ વજન મૂકવું પડતું હશે ? કાશવદહાડ ગાંમના રહીશ એવા નિરુબેન જયેશભાઇ રાંમાંભાઈ જાદવ જેઓ પણ બંને વ્યક્તિઓ ૧૦૦% અંધ છે તો સુ સરકાર આવા વ્યક્તિને લાભ આપશે કે ડાંગમા તો આવું જ ચાલ્યા કરશે કે લાભ ખરેખર હવે જોવાનું રહ્યું કે અરજદારો અંધ છે કે અંધસરકાર ?

D D O ડૉ વીપીન ગર્ગ સાહેબ જરાક ધ્યાન આપે તો સારું હવે તો એવું લાગી રહ્યું છે કે ડાંગમાં કોઈ ૧૦૦% દિવ્યાંગ ને લાભો આપવમાં આવ્યા નથી ડાંગમાં આટલો વિકાશ આવો વિકાશ ? આટલો મોટો વિકાશ કોઈને જાહેરમાં દેખાય રહ્યો નથી ્ઝસ સાહેબ જરાક ધ્યાન આપે અંધ વ્યક્તિને તેઓના લાભો તો આપો ભુપેન્દ્ર પટેલની સરકારમાં દિવ્યાંગ માટે ઘણા લાભો આપવાની વાતો કરે છે પરંતુ ડાંગ જિલ્લામાં તો લાભો ના નામે મીંડું જ છે આ એક હકીકત છે કારણકે આ બીજો કિસ્સો સામે આવ્યો છે કે જેઓને લાભથી વંચિત રાખવામાં આવ્યા છે ડાંગના અધિકારીઓ પદાધિકારીઓ પોતાનો જ વિકાશ કરવામાં માની રહયા છે આ એક દિખીતું ઉદાહરણ સામે આવ્યું છે પોતાની નૈતિક જવાબદારી સમજીને અધિકારીઓ કામ કરે તો ૧૦૦% દિવ્યાંગ વ્યક્તિના કામો થઈ જશે પરંતુ અહિયાં તો કંઈક ઊંધું જ જોવા મળે છે પોતાનો જ વિકાશ દિવ્યાંગ જાય ....જ્યાં જાય ત્યાં આપણે સુ લોકોમાં ચર્ચાનો વિષય થવા પામ્યો છે કે ડાંગમાં દિવ્યાંગ લોકોને સુ કામ કઈ આપવાનું એ લોકો થોડા કાઈ કામ આવે છે અહીંયા તો વજન જ કામ આવે છે ખરું ને હવે જોવાનું રહ્યું કે D D O સાહેબ કેવા પગલાં ભરે છે કે પછી ..?

(ડાંગ જિલ્લા બ્યુરો સમાચાર)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK